શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

ડિસેમ્બર - ૨૦૦૬'

છુટક નકલ રૂા. ૧/-

## જ્ઞાનમાં પારિતોષના ઓડકાર ને સ્થાન ખરૂ ? ? ?

જાણકારી કે આવડત એ મનનું વરદાન છે. એ વરદાનનો સદુપયોગ જ થઇ શકે. છળકપટ કે સ્વાર્થ સિધ્ધી માટે જે આવડત કે કૌશલ્યનો દુરુપયોગ કરે છે તે સમાજ અને ઈશ્વર બંન્નેનો અપરાધી છે. જે સ્વયંને જાણે છે તેના જેવો મોટો કોઈ જ્ઞાની નથી અને જે સ્વયંને ખોટી રીતે મૂલવીને ભ્રમનેજ સુખ માને તેના જેવો મોટો અજ્ઞાની બીજો કોઈ નથી. પોતાની અજ્ઞાનતાનો આભાસ એ બુદ્ધીમાન પણાનું પ્રથમ સોપાન છે. એ વાત આપણે જાણી શકીએ તો જ્ઞાનની અવનવી ક્ષિતિજો પર નિરંતર ગતિશીલ રહેવા આપણાં કદમ કેટલા બધા ઉત્સુક રહે ? જ્ઞાનતો સમીટ તૃષા જેવું છે. એમા પારિતોષના ઓડકારને સ્થાન જ નથી. પોતાને સર્વજ્ઞ માનનાર પોતાની જાતને ઉત્કર્ષના આગ તરફ ઘસતી રોકીને પોતાનું જ અપમાન કરે છે. જ્ઞાનનું અંહમ એ અધૂરપની નિશાની છે. ગહનનીરમાં તરતો કુશળ તરવૈયો પાણી ઉડાડતો નથી. છબછબીઆં તો કિનારા નજીક ધમપછાડા કરનારા અલ્પજ્ઞાની કરતો હોય છે.

જ્ઞાનીને પોતાના જ્ઞાનનો વળગાડ હોય છે. એમાંથી જ મઠ-પંથ અને મહામંડલેશ્વરો પેદા થતાં રહે છે. પંડિતાઈનો અંહકાર પંડિતને પઠાડે છે. શાસ્ત્રાર્થને અંતે જે વિજય મળે તેનો સ્વાદ લડાઈને અંતે મળતા વિજય જેવો જ અંહવર્ધક હોઈ શકે છે. ખાલી પંડિતાઈ અને અધૂરૂ જ્ઞાન ખૂબ ખખડે છે. સાત્વિક જ્ઞાનનમાં પ્રસાદ છે. શીતળતા છે અને અંદરની પ્રતીતિનો અનાક્રમક રણકો છે. આવુ જ્ઞાન રમ્યઘોષા નદીની માફક ખળખળ વહે છે એ ઉપદેશની પ્રચાર હિંસાથી મુક્ત હોય છે.

*- સંકલન*

# ''૦૪-૦૬-૨૦૦૬''

*શું તમને બધાને આ દિવસ યાદ છે, ઘણા ખરાં વિચારશો પણ બહુ યાદ નહીં આવે. આ દિવસે મોટું વાવાઝોડું આવ્યું હતું. ના, તો શું ભુકંપ આવ્યો હતો... ના, પ્રલય આવ્યો હતો... ના, તો પછી શું?*

*લો કહી દઉં,*

*આ દિવસે માનવ મહેરમાન ઊમટ્યો હતો. વાવાઝોડારૂપે, પ્રલય રૂપે અને ભુકંપ રૂપે, બીરલા માતુશ્રી સભાગૃહમાં રવિવારે સવારે જ્યારે શ્રી બાલાસિનોર નવયુવક સંઘનો ૫૦ વર્ષનો* bns@gjentertainment.com*નો એ ઐતિહાસિક પ્રોગ્રામ યોજાયો હતો. હવે યાદ આવશે એ બધી પળો, એ બધી વાતો અને આખા પ્રોગ્રામની ઝાંખી. આ પ્રોગ્રામને ગયે લગભગ સાડા છ વર્ષ થવા આવ્યાં પણ જે લોકોએ આ પ્રોગ્રામ નીહાળ્યો અને માણ્યો છે તેઓ આજે પણ યાદ કરે છે.*

*આવો આવો જ એક બીજો પ્રોગ્રામ નિહાળવાં, માણવા આ વખતે શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત 'જ્યોતિપુંજ'ના ૫૦ વર્ષની ઊજવણી કરવા. ફરી એક વખત આપ સૌના સાથસહકાર સાથે અમો આ પ્રોગ્રામ ઊજવવા જઈ રહ્યાં છીએ, કદાચ જૂન ૨૦૦૭માં.*

*આ પ્રોગ્રામમાં ભાગ લેવા માટે તમારે તમારું ૭ કે ૮ જણાનું ગ્રુપ બનાવવાનું છે, ગરબો, ફીલ્મી ગીત, થીમ ડાન્સ, ભાંગડા, બાંબુ ડાન્સ વગેરે વગેરેમાંથી કોઈ પણ આઈટમ નંબર (૬ થી ૭ મિનિટ મેક્સીમમ) આપી શકાશે. આ પ્રોગ્રામમાં બીજા અન્ય પ્રોગ્રામનો સમાવેશ કરવાનો હોવાથી ફક્ત ૯ થી ૧૦ ગ્રુપને લેવામાં આવશે. તમારે તૈયારી તમારી રીતે કરવાની રહેશે.*

*ફાઈનલ સીલ્કેસન કરતાં પહેલાં જે ગ્રુપનો પ્રોગ્રામ સારામાં સારો હશે એના ગ્રુપને ચાન્સ મળશે. તો આવો જલદી કરો. તમારા નામ લખાવશો. (ગ્રુપ બનાવીને અને શું આઈટમ આપવાના છો એ લખીને).*

*કન્વીનર શ્રી જતીન ન. દેસાઈ, ફોન : ૯૮૨૦૦ ૪૯૧૩૪, ૨૨૦૦ ૧૬૫૯. સંસ્થાની ઓફિસમાં સમય દરમિયાન અથવા તંત્રી શ્રી નિખીલ બા. પરીખ - ફોન : ૯૮૨૧૩ ૨૬૪૩૨, ૨૪૪૪ ૯૯૨૯.*

*આ જ દિવસે ૧૯૫૭ થી શરૂ થઈ ૨૦૦૭ સુધી જ્યોતિ પુંજને ૫૦માં વર્ષમાં પહોંચાડનાર તેમના હયાત તંત્રીઓનું સન્માન કરીશું. જેમના નામો નીચે મુજબ છે.*

*(૧) શ્રી પ્રવીણ સાકરલાલ દેસાઈ ૧૯૫૭ થી ૧૯૬૦. (૨) શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (લટકારી) ૧૯૬૧ થી ૧૯૬૩ - ૧૯૬૯ થી ૧૯૭૧. (૩) શ્રી જયંતિલાલ ચંદુલાલ કડકીઆ (મરઘાં) ૧૯૬૭. (૪) શ્રી પ્રવીણચંદ્ર લલ્લુભાઈ પરીખ (રોકડીઆ) ૧૯૬૮, (૫) શ્રી કિરીટકુમાર ચંદુલાલ પરીખ (સરકાર) ૧૯૭૨, (૬) શ્રી પંકજ કિર્તનલાલ શાહ ૧૯૭૭ થી ૧૯૮૧, (૭) શ્રી ઊર્વિશ રસિકલાલ મોદી (દેવ), ૧૯૮૨ થી ૧૯૮૭, (૮) શ્રી નિખીલ બાબુલાલ પરીખ ૧૯૮૮ થી ૨૦૦૭.*

*આ પ્રોગ્રામને પણ ખૂબ જ સુંદર રીતે ઊજવશું. ફરી એક વખત તમારા સાથ-સહકારની અપેક્ષા છે.*

***- કન્વીનર : જતીન નવનીતલાલ દેસાઈ***

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૯ | ૯ | ૧૪-૧૨-૨૦૦૬ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)

નિકેશ જ. ગાંધી

**પત્રવ્યવહારનું સરનામું**

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન** : ૨૪૪૪ ૯૯૧૬ • ૨૪૪૪ ૯૯૨૯

*

**મંત્રી : પ્રદીપ કડકીઆ**

ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન, પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.

**ટે.**(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫

(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮૪

*

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**

સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# સ્મશાન વૈરાગ્ય

***તંત્રી સ્થાનેથી***

*હમણાં એક સંબંધીની સ્મશાનયાત્રામાં જવાનું થયું. સ્મશાન વૈરાગ જેવું થયું અને એજ વિચારોમાં હું એ રાત્રે સુઈ ગયો. સપનામાં મેં મારું મૃત્યુ નિહાળ્યું. મારું શરીર જમીન ઉપર સફેદ ચાદરમાં પડેલું. પોચા ગાદલાનું સુખ એની પાસેથી છીનવી લેવામાં આવ્યું. પાસે દીવો કરેલો એટલે પંખો પણ બંધ. બાજુમાં બેઠેલા વડીલ બધા સંગાઓને ફોન કરી રહ્યા હતાં. 'નિખિલભાઈ ગયા નવ વાગે કાઢી જવાના છે'' મને લાગ્યું જાણે કાઢી મુકવાનો છે મને. ઘરની બહાર, દુનિયાની બહાર. લઈ જવાનાં છે એમ ના બોલાય? ખેર આત્મારૂપે અવાજ તો કોઈ સાંભળે નહી કોને કહું...? ટેલીફોનમાંથી કેટલાંકના ઘરે પણ જઈ આવ્યો. શું થયું....? પેલો નિખિલ ગયો, નવ વાગે કાઢી જવાના છે. હાય હાય, છોકરાઓની સ્કુલનું મોડું થઈ જશે. હજી તો ડબ્બા ભરવાના બાકી છે. પપ્પુની આજે પરીક્ષા છે ભણાવવાનો પણ હતો. સાંજે સમીરભાઈની પાર્ટીમાં પણ નહી જવાય. આવતા શનીવારની પાર્ટીમાં પણ નહી જવાય. આવતા રવિવારની પીકનીક પણ ગઈ તેર દિવસ પણ નથી થતાં. ઉઠમણું મને લાગે છે મંગળવારે આવશે. એ રાતે તો નાટક છે. કંઈ નહી વહેલા જઈને નીકળી જઈશું. પણ પછી જમવાનું? આપણે એકલા હોઈએ તો હોટલમાં જમાય, આતો બધા હોય તો ખરાબ લાગે. પાર્ટી કે મીટીંગમાં ન જમાય. બાકી બધું ચાલે. ચાલો ભઈસાબ હવે થોડી મદદ કરો અને ઓફિસે ફોન કરી દો કે આજે મોડું થશે. પીકનીકની પણ ના પાડી દો. એ*

લોકોની વ્યથા મારાથી જોવાઈ નહી. પાછો મારા શરીર પાસે આવી પહોંચ્યો. થોડું મોટું, થોડું નાનું ડુસકું, મારી પાછળ રડાઈ રહ્યું હતું. કેટલાંક દુ:ખમાં તો કેટલાક બીજાને રડતાં જોઈને રડતાં હતાં. અર્થીને ફૂલહારનો સામાન લાવવાનું કામ બે જણને સોંપાઈ ગયું, બે જણને સ્મશાને રવાના કર્યા. એક મિત્રને મારી ઈચ્છા યાદ આવી એટલે ચક્ષુદાન પણ થઈ ગયું. એ વાતનો આનંદ થયો. કંઈ નહીતો બે અંધજનોને દૃષ્ટિ મળશે. અને એમના દ્વારા પાછી દુનિયા જોઈ શકાશે. એનો સંતોષ પણ થયો. લોકો સફેદ કપડાંમાં આવવા લાગ્યાં. ટોળે મળીને કેવી રીતે મૃત્યુ થયુની ચર્ચા કરતાં હતાં. કાલે તો મને મળ્યો હતો, અમે લાસ્ટ વીકમાં સાથે જ હતાં. હવે નવો તંત્રી શોધવા પડશે. સારા લેખ લખતો તો, ઠીક છે ભાઈ બધી ગામની પંચાતો લખતો તો ઘણા સારા લેખકો છે પણ આ ભાઈ જ્યોતિપુંજ છોડે તો ને. વધુ સંભળાયું નહી. ચર્ચા કરી શકાય એવી સ્થિતિ પણ નહોતી. મારા શરીર માટે ટેમ્પરરી પથારી તૈયાર થઈ રહી હતી. કાથીની દોરીઓ વાંસને વિટળાઈ રહી હતી. બાંધવાવાળા બે ને સલાહ આપવાવાળા દસ જણ આજુબાજુ હતાં. આપણાંમાં સાદડી ના હોય. બરાબર બાંધજો. લાશ પડી ના જાય. શરીર કચકચાવીને બંધાઈ ગયું. ઉપરથી શાલ, આવી ગરમીમાં શાલ? આજ શાલ કોઈ જીવતા ગરીબને આપી હોત તો? પણ ચાલે રિવાજ છે. પછી ચાલી ફુલહારની વિધિ. કેટલાંક લોકોને જબરજસ્તી હાર આપવામાં આવ્યો તો કેટલાંકે માંગીને લીધા. શરીર ઉપર ફુલોનો ઢગલો. શું કામનો? જીવતાં જીવત પ્રસંશાના બે ફુલો પણ ન આપનાર આજે ફુલહાર ચઢાવી રહ્યા હતાં. પણ એક વાત તો છે, જીવતાં કોઈ પણ સન્માન, ફુલહાર, શાલ કે મેમેન્ટો ન મેળવનાર વ્યક્તિઓ પણ સમાજની મોટી વ્યકિતઓ દ્વારા, સગાવ્હાલા, મિત્રો દ્વારા આવું સન્માન આ જગતમાંથી જતાં પહેલાં પામે જ છે. ઉભા ઉભા નહી તો સુતાં સુતાં પછી તો? કાંધે ચઢયો. 'શ્રી રામ જયરામ શ્રી રામ જયરામ'ના નારા વચ્ચે લોકોના ખભે ખભે, શું ઠાઠ હતો મારી ઠાઠડીનો. સ્માશનામાં લાઈન હતી. કોકે કહ્યું ગીતાનો પંદરમો અધ્યાય બોલવો જોઈએ, પણ આવડે છે કોને? કંઈ નહી ચાલે બધું, જલ્દી કરો દસ વાગ્યા. સારું થયું ઈલેકટ્રીકમાં લાવ્યા. જલ્દી પતશે અને ખાલીપીલી ચારસો કિલો લાકડાં બાળીને જંગલો ખલાસ કરવાના.

શરીર ઉપર ઘી લગાડવામાં આવ્યું. જીવતાં તેલ માલિશ કરાવીતી આજે તો ઘી માલિશ. બધાને સુખડની નાની નાની લાકડીઓ આપવામાં આવી. સુગંધ નહોતી પણ સુખડ જેવી જ લાગતીતી. કંઈ નહી સંતોષ થાય આપણને પણ સુખડના લાકડે બાળ્યા. સ્ત્રીઓને સ્માશનમાં જવાનો રિવાજ નથી. એટલે કદાચ સ્ત્રીઓ શરીરને જ સર્વસ્વ માનીને એવી આળપંપાળ કરતી હશે. ખેર મારા શરીરને ભઠ્ઠીમાં નાખીને લોકો વાતોએ વળગ્યા. ટોળટપ્પાને જોક પણ ચાલું હતાં. વાતાવરણ હળવું હતું.

દોઢેક કલાક તો થશે જ. હાથ જોડીને સૌને વિદાય અપાઈ. છાપામાં બાલાસિનોર દશાનીમા મરણના શિર્ષક હેઠળ મારા બધા જ સંબંધો છપાયા. જ્યોતિપુંજમાં મૃત્યું નોંધમાં આત્માને શાંતિ અપાઈ. પ્રાર્થના સભા યોજાઈ. ઘણા પ્રેમથી આવ્યા ઘણા લોકલાજે આવ્યો તો ઘણાં સફેદ કપડાં ઘણા વખતથી વપરાયા નથી માટે. છેલ્લે મોટી રજા અપાતાં હું એટલે કે આત્મા પણ પરમાત્મા તરફ રવાના થયો. બારમાં તેરમાની વિધિ વગર પણ, મહારાજાઓની સિફારીશ વગર પણ. પરમાત્મા આત્માનો સ્વીકાર કરે જ છે. પછી એ દુષ્ટ આત્મા હોય કે સારો આત્મા. એના બધા જ પાપ કે પુણ્ય કર્મો સાથે એનો સ્વીકાર થાય છે. તેરમાનું જમાડયાથી એના પાપ કે પુણ્યને કોઈ વેંહેચી નથી શકતું. આ બધું જ્ઞાન મને સ્માશાન વૈરાગ્યથી મળ્યું.

સ્મશાનમાં જ આપણને સમજાય છે કે જે પદ, પ્રતિષ્ઠા, પૈસો, રૂપ વિધવત્તા ઉપર આખી જીંદગી અહંકાર કરતાં રહ્યા એ બધું લાશની જેમ એક બાજુ પડયું છે. જેની કોઈને પડી પણ નથી. ઘરના જે સરનામાં ને તમારી સાથે આખી જીંદગી જોડાયેલું રાખો છો ત્યાંથી તમને તમારો આત્મા ગયા પછી વહેલામાં વહેલી તકે કાઢી મુકાય છે. ખાસ મિત્રો કે સંબંધીઓ પણ સ્મશાનથી આગળ તમારો સાથ નથી આપી શકતાં. પરંતુ આ બધી જ સમજણ સ્મશાનમાંથી બહાર નીકળ્યા બાદ ભુલાઈ જાય છે. એટલે તો આને સ્મશાન વૈરાગ્ય કહ્યું છે. ક્ષણભરનો વૈરાગ્ય. સપનાની જેમ જ આ વૈરાગ્ય પણ સ્મશાનની બહાર નથી ટકતો અને જેમ ઉંઘમાંથી જાગ્યા બાદ આપણે રોજબરોજની રૂટીન જીંદગીમાં જોડાઈ જઈએ છીએ એમ સ્મશાનમાંથી બહાર આવીને શરીર અને મનનાં એજ ખેલ પાછા શરૂ કરી દઈએ છીએ. જાણે આપણે અમર છીએ અને આપણો અંત કોઈ દિવસ થવાનો નથી પણ સ્મશાનને કારણે આપણને જીવનનું મૂલ્ય વધુ સમજાય છે. આપણને મનુષ્ય દેહ મળ્યો અને જીવવાનો સમય મળ્યો. તો જીવનને કઈ રીતે વધુ ને વધુ સમૃધ્ધ કરવું એ મહત્વની વાત સમજાય છે.

સપનામાંથી જાગ્યા બાદ સંદીપ ભાટીયાની એક કવિતા યાદ આવી ગઈ એના દ્વારા આ વાત અહીં પુરી કરીએ.

માણસ જેવો માણસ ક્ષણમાં ધુમાડો થઈ જાય
એ કંઈ જેવી તેવી વાત નથી.
ઘરઘર રમતાં પળમાં કોઈ પૂર્વજ થઈ પુજાય
એ કંઈ જેવી તેવી વાત નથી.
વીતી પળના પડછાયાને પકડી રાખે ફ્રેમ
કાચ નદીને પેલે કાંઠે કંકુ, કંકણ, પ્રેમ
તારીખીયાને કોઈ પાને સુરજ અટકી જાય
એ કંઈ જેવી તેવી વાત નથી.
હથેળીઓની વચ્ચે એના ગુંજયા કરશે પડઘા
હુંફાળા એ સ્પર્શ ત્વચાથી શ્વાસ જાય કે અળગા
ઘડી પહેલાં જે ઘર કહેવાતું દીવાલો કહેવાય
એ કંઈ જેવી તેવી વાત નથી.
સુરજનો અજવાસ ગોખમાં દીવો થઈને ફરકે
સ્તબ્ધ ઉભેલી રેતી શીશીમાં રેત હવે નહી સરકે
પાંપણ ઉપર દર્પણ જેમ જ ઘટનાઓ તરડાય
એ કંઈ જેવી તેવી વાત નથી.

**-નિખિલ પરીખ**

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ
## દાતાઓનો આભાર માને છે

૧) શ્રી અજય ઓચ્છવલાલ મોદી (શહેરાવાળા)ની સુપુત્રી અનુજાના લગ્નપ્રસંગે તા. ૨૦.૮.૨૦૦૬ રૂા. ૫૧,૦૦૦/-

૨) શ્રી રાજેશ રમેશચંદ્ર શાહ (નગરશેઠ)ના સુપુત્ર અમરના લગ્ન પ્રસંગે તા. ૨૦.૮.૨૦૦૬ રૂા. ૧૧,૦૦૦/-

સંસ્થા દાતાઓનો આભાર માને છે.

# આજીવન ઋણી અને કરજદાર આપણે જન્મદાયત્રી માતા ને પિતાના ચૂકવ્યાં ના ચૂકવાય, મુલવ્યાંના મુલવાય !!!

પૈસા છે તમારી પાસે? દુનિયાની હરકોઈ ચીજવસ્તુ ખરીદી શકશો, દુનિયાના હરખૂણે જઈને જોઈ શકશો. પરંતુ જન્મ આપનાનાર માતા પિતાને નહી મેળવી શકો. હા એડોપ્ટેડ માતા પિતા પણ મળી શકે. પરંતુ જન્મ આપનાર માતાપિતો તો એક જ. એકજ જ ને એક જ!!!

આપણા શરીરમાં સંચરી રહેલું લોહીનું એક એક ટીપું માતા પિતાનું કરજદાર છે. પિતા બીજ અંકુરીત કરે ને માના પેટમાં આપણે આકારીત થઈએ. નવ મહિના તે આપણો ભાર વેંઢારી. આશા, ઉમંગભરી હસતાં હસતાં પ્રસવ વેદનાને સહી લેતી માતા!!! ભાવે ન ભાવે તોય મેથી લાડુ ખાય. ગુંદરની રાબ પીએ? આ ખાય, તે ખાય, મનમાં એક જ રટણ મારું બાળક તંદુરસ્ત જન્મે. દવાઓ અને ઓસડીયા પણ ખાઈ લે. શેક સગડીના તાપ સહે બધું જ બાળક માટે નિસ્વાર્થ મને કરે, બેટો જન્મશે યા બેટી? એવી એને કાંઈ ચિંતા નહી. કમાઈને લાવશે કે નહીં? એવો કોઈ વિચાર સુધ્ધા નહીં. બસ માની આંખમાં પ્રેમની ઉભરતી છબીમાં ફક્ત એક જ આકૃતિ રમતી રહે અને એજ મારું બાળક. તેના એક ઉલાળે માની છાતીમાં ધાવણની શેર વછૂટે. આંખોથી આંખોની પીછાણ બની રહે. બાળકના કંઈ જ કહેવા બોલવાની પહેલાં જ તે તેનો ભાવ સમજે. તેના એક બોલ પર ગમે તે ચીજવસ્તુ હાજર કરવાને તત્પરતા દાખવે. ભલે પછી પૈસા હોય કે ન હોય? બાળકના પહેલાં ઉહકાર, પહેલાં હાસ્ય પર મંત્ર મુગ્ધ થાય અને વળી જ્યારે બોલતાં શીખે અને 'મમ્મા' બોલે તો તેના ઉર ઉછળે, પૃથ્વી પરનો કોઈ મોટો ખજાનો મળ્યો હોય એમ એ પુલકીત થઈ ઉઠે.

ગમે એટલું સાયન્સ આગળ વધે. બધું જ બનાવી શકે. રોબર્ટ બનાવશે કે વિનાશકારી બોંમ. કે કોમ્પ્યુટર કે અવકાશયાન પણ. હજુ સુધી લોહીનું એક બિંદુ કે શરીરમાં રહેલી શીરા, માંસ પેશી કે ધબકતું હૃદય કોઈ બનાવી જ નથી શકતું. ઘાટ ઘડનારો આપણો શ્રી ઠાકુર પરંતુ એ શક્તિ એની માને જ સુપ્રત કરી છે. દેવ પછી આપણે માતા પિતાને આરાધવા જોઈએ. ઈશ્વરીય શક્તિને આપણે અનુભવી શકીએ. પરંતુ પ્રત્યક્ષ જોઈ શકતા નથી અને એટલે જ આપણે માતા પિતાના રૂપમાં એનું આરોપણ કરવાનું છે. અને પુંડલિક, શ્રવણ અને ગણપતિજીએ તો આનું આચરણ કરીને સમજાવ્યું છે કે માતાપિતાના ચરણોમાં જ સ્વર્ગ છે. એમની સેવા, એજ ઠાકુરજીની સેવા છે. ''અલી તે ઠાકોરજીને પુષ્ટાયા છે'' તારે રાજભોગની સેવા છે. તું સત્સંગમાં જાય છે? આવા અનેકાનેક સવાલનો જવાબ એક જ ને, એક જ છે. માતાપિતાની સેવા!! બાળપણ તેમને તમારું નિભાવ્યું, હવે ઘડપણ નિભાવવાનો વારો તમારો? ત્યારે તે કહેશે જગા જ નથી? હું નવો ત્રણ બેડરૂમનો ફલેટ લઈશ પછી ચોક્કસ તેમને મારે ત્યાં રાખીશ? કાં તો બાલાસિનોરમાં મૂકવા આવશે બાઈઓના ભરોસે? યા તો છેલ્લાં ઘરડાં ઘર? અને નહી તો એકલાં જ રાખશે? બાઈઓના ભરોસે? મિલ્કત મેળવવા પૂરતી જ સગાઈ મા બાપની? એક દીકરો હોય યા ચાર યા બે દીકરા હોય?

માતા પિતા એટલે કે એજ જૂનુ ફર્નિચર? એમની

આંખોમાં બાળક ગમે એટલું મોટું થાય તેમનાં માટે તો આજે ય એજ બાળક જ રમતું રહે છે, પરંતુ બાળકને સમયનો આર્વિભાવ જ હોય છે ? જો કે બધે આવું નથી હોતું. નરસા ભેગો સારોય તોલાય ? દુનિયાના ત્રણ ભાગ પર પાણીને એક ભાગ પર જમીન છે. એવી જ રીતે એક ભાગ સારા અને ત્રણ ભાગ નરસામાં તોળાતા દીકરાઓ હોય છે ? પોતાના બાળકોએ જ સાચું સમજે, પરંતુ તમેય કોઈના બાળકો છો એ વીસરી જાય છે ? એમને એમનું બાળપણ ક્યારે ય યાદ નહી આવતું હોય ? યાદ કરતાં રહો તો તમને તમારી સાચી સેવા, સાચી મૂડી, સાચા અંતર આશીષ આપતાં માતા પિતાની મુલ્યતા સમજાશે. ઘડપણમાં માતા પિતા કશુંય માંગતા નથી, પરંતુ તમારી આંખમાં અમીનાં આંજણા, બે મીઠા બોલની તો અપેક્ષા રાખી શકે નહી ? લોકો અમેરીકા ચાલ્યા જાય. મા એકલી હોય કે બાપ. પૈસા મોકલી દે અને વરસે એકાદવાર ઈન્ડીયા આવી જાય એમાં પણ ઘાઘરીના સગાંઓની પહેલી સગાઈ ગણાય. બહારગામ જાય અને માંડ બેચાર દિવસ મળવાનું પ્લાનીંગમાં હોય જનરલી આવું જ બનતું હોય છે. બિમાર માતા પિતા હોય, જોવા આવીને આઠ દિવસમાં ચાલ્યા જાય......

આ તો ફોરેનમાં વસતા દીકરાઓની વાત પરંતુ અહીંયા આપણા ભારતમાં વસતા નબીરાઓનું શું ? બહુ મોટો પ્રશ્નાર્થ આવી અટકે છે. બાળક જન્મે ત્યારે પેંડા વેંચાય, મોટા થાય ભણી ગણીને વહુ લાવવાની થાય. મા બાપ પોતાની મૂડીનો સારો એવો હિસ્સો ખર્ચે. ધામધૂમ અને બેન્ડવાજા વાગે શરણાઈઓ વાગે અને વહુરાણીનું આગમન થાય ? નવી વહુ નવ દહાડા પછી પોતાનો રંગ બતાવે. મોર્ડન જમાનો કાં તો વહુઓ જોબ કરતી હોય યા.... પિયેરની પાલખી તરફ ઢળતી. હોય. ચાર મા બાપની ચોકડી થાય વહુને વ્હાલું પિયરીયું. પોતાના મા બાપ એ સાચા બાકી વરના મા બાપ એ ફાલતુ ગણે. સાસરે આવીનેય પિયેરના કામો નિપટાવે. સાસુ એટલે કે વરની માની અવગણના થતી રહે. વળી એકબીજાનો મોટો પ્રશ્ન મિલક્તનો હિસ્સો જોઈએ જ જોઈએ. એમાંય ભાઈઓ ભાઈઓની (એટલે કે દીયેર જેઠની) ઈર્ષા અને ચડસાચડસી. જુદા રહેવાનું થાય પછી કોણ મા ? કોણ બાપ ? આ તો સમાજની આરસીનું પ્રતિબિંબ છે. કાગડા બધે જ કાળા. અને ગામ હોય ત્યાં ઢેઢવાડો પણ હોય છે. જો કે સમાજનું સારું પાસું પણ હોય છે. બધે આવું નથી બનતું હોતું. મા બાપના ગુણ દોષ જોવે શા કાજે ? નાની એક ખોલીમાં રહેતા માતા પિતા એટલી જ જગામાં ચાર બાળકોને સમાવેશ કરતાં વળી આવક પણ ઓછી હોય, તો પણ ક્યારેય મોઢુ બગાડે નહી. પ્રેમથી જતન કરે. જ્યારે આજનો જમાનો અને એની તાસીર, કંઈક ઉંઘી જ રીતી એ દોરવણી કરતાં હોય છે.

કંઈક શોર્ટ સ્ટોરીઝમાં આપણે સાંભળ્યું છે કે માનું કલેજુ કાઢીને લઈ જતો દીકરાને ઠેસ વાગી તો માનું હૃદય બોલી ઉઠયું કે વાગ્યુ તો નથીને દીકરા. વળી બીજી વાર્તામાં બાળકને બે ટૂકટા કરીને વહેંચી લેવાનું રાજાએ કહ્યું તો મા બોલી કે ભલે તેને આપી

## લગ્ન પ્રસંગે મળેલ દાનની વિગત

શ્રી અજય ઓચ્છવલાલ મોદી (શહેરાવાળા) યુ.એસ.એ. નીદીકરી અનુજા અજય મોદીના લગ્ન અમર રાજેશભાઈ શાહ (નગરશેઠ) સાથે તા. ૨૦.૮.૨૦૦૬ના રોજ મુંબઈમાં થયા હતા. આ પ્રસંગે શ્રી અજયભાઈ મોદીએ રૂા. ૫૧,૦૦૦/-નું માતબર દાન શ્રી વાડાસીનોર દશાનીમા નવયુવક મંડળને આપ્યું છે તે બદલ સંસ્થા તેમનો આભાર માને છે.

***મંત્રી - પંકજ ધારીઆ, દક્ષેશ કડકીયા***

દો, મારે દીકરાના બે ટૂકડા નથી કરવા. આ તો વાર્તા છે પણ સત્યમાં આવી જ હકીકત હોય છે. માનું હૃદય તો આવું જ દિવ્ય કોમળ, પ્રેમથી પુલકિત થયેલું હોય છે. માતા પિતાની અંતર આશિષ મેળવવી એ બહુ જ મોટુ અમુલ્ય ધન કમાયા જેટલું ઉમદા કહેવાય છે. અને વળી માતા પિતાનો નિસાસો, હાયકારો કદીય ન લેવો. તમે પણ કોઈના દીકરા છો અને તમારા પણ કોઈ દીકરા છે એ ઉક્તિને કદીય વિસારે ન પાડશો. પીળુ પાકેલું પાન જ્યારે વૃક્ષની સાખેથી ખરી નીચે પડે ત્યારે બીજા પાન તાજા હોય તે હસતાં હોય ત્યારે નીચે ખરી પડેલું પાન બોલે છે. 'ધીરી બાપલિયા મુજ વિતી તુજ વિતશે' અરે આજ મારી વારી કાલ તારી. ઘરડાં તો બધાં જ થશે, પરંતુ તમે જે રીતે તમારા વડીલ માતા પિતાને રાખ્યા હશે એજ રીતીએ તમારા બાળકો તમને રાખશે. એક પૌત્રએ એના દાદાને, ઓઢવાની શાલનો ટૂકડો કરીને આપતાં એના બાપાના કહ્યું કે આ બીજો ટૂકડો હું સાચવી રાખીશ જ્યારે તમે ઘરડાં થશો ત્યારે આ શાલનો ટૂકડો તમને આપવા માટે કામ લાગશે. 'તુલસી ઈસ તનકી કોન વડાઈ....' પલમાં મીટ્ટીમે મીલ જાઈ'

''તુલસી યહ તન ખેત હૈ, મન બચન કર્મ કિસાન
પાપ પુણ્ય દોઉ બીજ હૈ, બોવે લણે નિદાન....
જેવું બીજ વાવીએ, એવું જ ફળ મળે
લીમડો વાવે આંબોને, કેરી ન મળે......

માટે માતા પિતાની સેવા એજ પ્રભુ સેવા છે. નાનપણમાં તેમણે આપણા 'ગુમૂતર' સાફ કર્યા છે. કદાચિત ઘડપણમાં આ કામ કરવાનું આવે તો પણ હસતાં રહીને કરજો.... જો કે છલકાતા પૈસાથી વોર્ડબોય અને માણસો તો મળેજ પણ માતા પિતાને ઘડપણમાં ઉનું ઉનું, પોચું પોચું જમાડો, તેમની સાથે બે મીઠા બોલ બોલો..... આથી વિશેષ માતા પિતાને તમારી પાસેથી કોઈ અપેક્ષા નથી હોતી. માતા પિતાની સેવા કરી તમારૂં નામ રોશન કરો અને તમારા બાળકોને દાખલારૂપ બનો.

'ઉંમરા તો ડુંગરા થયા
ઘડપણે ભાવે સેવ લાડવા.....
આ ઘડપણ કોણે મોકલ્યું.....

આ નાનપણમાં કવિતા હતી એના ત્રૂટક શબ્દો રજુ કર્યા છે. ઈશ્વરને પણ જન્મ લેવા માટે માના પેટમાંથી આકારિત થવું પડે છે અને ઋણી પણ....

આજીવન આપણે આપણી જન્મદાત્રી માતા અને પિતાના ઋણી છીએ. આપણી શરીરમાં વહી રહેલા લોહીમાં પણ એમનો પ્રેમ અને ઋણ સમાયેલું છે. આ ઋણ તમે નિર્મૂળ કરી શકશો? સવાલ તમે જવાબ પણ તમે. માતાપિતાની સેવા એજ પ્રભુ સેવા સાચી છે.

*- ઉષા એસ. ધારીયા*

## શરણમ મમ્ :

શ્રી કૃષ્ણ શરણં મમ:
શરણમ્ મમ: તવ શરણમ્ મમ:
તવ ચરણ શરણ મમ: નમો નમ: શરણમ્....
તુમ અદૃષ્ટા, તુમહી અગોચર
તુમ હી હો પાર બ્રહ્મ..... શરણમ્.....
તુમહી રક્ષીતો મમ: હી જીવન
તુમહી હો મેરે આધાર જીવન..... શરણમ્.....
તુમ હી હો મેરે શ્રધ્ધા સુમન
તુમ હી હો મેને વિશ્વાસ પૂરન..... શરણમ્.....
દૃઢ ભરોસો મમ: જીવન સુત્ર
તવ નામ એક આધાર મંત્ર..... શરણમ્.....
તુમ હો સદા હી નિત્ય સત્ય
એક હી ધ્યેય, સંવારો મમ: જીવન અંત..... શરણમ્.....
ચરણ શરણ તવ શરણ્ મમ:
તવ ચરણ શરણ મમ: નમો નમો..... શરણમ્.....

*- ઉષા એસ. ધારીયા*

# માતા-પિતાની છત્રછાયા

* હયાત માતા-પિતાની છત્રછાયામાં વહાલપણના બે શબ્દો બોલીને તમારા માતા-પિતાને મળી લેજો. હોઠ અડધા બીડાઈ ગયા પછી... **ગંગાજળ મૂકીને શું કરશો... ?**
* અંતરના આશીર્વાદ સાચા હૃદયથી એક ક્ષણ ભેટી લેજો, હયાતી નહીં હોય ત્યારે **નતમસ્તકે મા-બાપના ફોટાને નમન કરીને શું કરશો... ?**
* કાળની થપાટ વાગશે, અલવિદા એ થઈ જશે, એના પ્રેમાળ હાથ પછી તમારા પર કદી નહીં ફરે. લાખ કરશો ઉપાય, તે વાત્સલ્યનો લહાવો ફરી નહીં મળે, તે **પછી દીવાનખંડમાં તસવીર મૂકીને શું કરશો... ?**
* માતા-પિતાનો ખજાનો ભાગ્યશાળી સંતાનને જ મળે અડસઠ તીરથ તેના ચરણોમાં છે પછી, બીજા તીરથ કરવાની શી જરૂર છે ? સ્નેહની ભરતી આવીને ચાલી જશે પળમાં, **પછી કિનારે છીપલાં વીણીને શું કરશો... ?**
* હયાત હોય ત્યારે, હૈયું તેનું ઠારજો, પાનખરમાં વસંત આવે એવો વ્યવહાર રાખજો, પંચભૂતમાં ભળી ગયા **પછી તેના દેહના અસ્થિને ગંગામાં પધરાવીને શું કરશો... ?**
* શ્રવણ બનીને ઘડપણની લાકડી તમે બનજો, હેતથી હાથ પકડીને ક્યારેક તીર્થમાં સાથે ફરજો માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવ એ જ સનાતન સત્ય છે, **પછી છેલ્લે રામનામ સત્ય છે એ બોલીને શું કરશો... ?**
* પૈસા ખર્ચતાં સઘળું મળશે, મા-બાપ ફરી ક્યારેય નહીં મળે, ગયો સમય પાછો નહીં આવે, લાખો કરોડો કમાઈને શું કરશો ? પ્રેમથી હાથ ફેરવીને બેટા કે બેટી કહેનારા નહીં મળે, **પછી ઉછીનો પ્રેમ લઈને, આસું સારીને શું કરશો... ?**
* નવ નવ મહિના પેટમાં ઊંચકીને, તમારા દુ:ખમાં દુ:ખી થઈને બીમારીમાં તથા ભણાવવામાં ઉજાગરા કરી, તમારું જીવન સુધારનાર મા-બાપનું ઋણ ન ચુકવો તો કંઈ નહીં, **પણ તેમનું જીવતર બગાડીને તેની આંતરડી કકળાવીને શું કરશો... ?**
* અઢી કિલોની દુધી ચાર કલાક ઊંચકીને ઊભા રહેતાં તારા હાથ દુ:ખી જાય છે, **તો તને 'મા'એ નવ મહિના પેટમાં કેવી રીતે રાખ્યો હશે એટલું જ વિચારજે !**
* તું નાનો હતો ત્યારે માની પથારી ભીની રાખતો, મોટો થયો અને માની આંખડીને ભીની રાખે છે. રે પુત્ર ! **શું તને મા ને ભીનાશમાં રાખવાની ટેવ પડી છે ?**
* જે દિવસ મા-બાપ તમારી પાસે રડે છે ત્યારે તમારું કરેલ પુણ્ય, **એ આંસુમાં વહી જાય છે...**

*****

# જીવન જીવવાની કલા

ઈશ્વરે આપણને સર્વોત્તમ આ માનવ જીવન દેહરૂપી અવતારે આ પૃથ્વી પર જન્મ આપ્યો ત્યારે એણે સ્વપ્નેય એવું નહીં ધાર્યું હોય કે આ માનવીઓ આમ અંદર અંદરની યાદવાસ્થળી દ્વારા એકબીજાની હત્યા કરવા તલપાપડ બની જશે. આ જગતમાં કેટલીય સારી વસ્તુઓ, કુદરતી સૌંદર્ય તથા અનેક લોકોપયોગી સારા કામો કરવાની તક આપણને સહુને ઉપલબ્ધ હોય છે પરંતુ ખેદ કે આપણે ક્વચિત આ બધી વસ્તુઓથી વંચિત રહી જઈને ધાણીના બળદની જેમ એક ચીલાચાલુ જીવન જીવીને આખરે કશુંક પણ સારું કાર્ય કર્યા વગર જ મૃત્યુ પામીએ છીએ.

જે છે એનું સુખ માણવું અને જે નથી એનો અફસોસ કર્યા વગર આગળ વધી જવું એ જ જીવન જીવવાનો શ્રેષ્ઠ, સરળતમ રસ્તો છે. જો કે જીવનપથ પર અનેક કષ્ટરૂપી કંટકોની સાથે કદાચ ક્યારેક સુખરૂપી ચાદરની લીસાત પણ હોય જ છે. પરંતુ આમ આદમી સુખમાં છકી જઈ ઈશ્વરથી દૂર થતો જાય છે અને દુઃખ આવ્યે પુનઃ ઈશ્વરની સમીપ ચાલી જાય છે. આમ સુખ દુઃખની ઘટમાળ સતત ચાલ્યા જ કરે છે અને કાળનું ચક્ર નિરંતર સદાય, સદૈવ તેની મંથર પણ અચુક ગતિએ નિરંતર ચાલ્યા જ કરે છે.

માનવીએ આ જીવન સાતત્ય સત્યનો સ્વીકાર કર્યા સિવાય બીજો કોઈ જ રસ્તો બચતો નથી. અથવા એમ કહી શકાય કે સનાતન સત્યનો સ્વીકાર એ જ જીવન જીવવાનો ઉમદા માર્ગ છે. હસીને સ્વીકારીએ કે રડીને સ્વીકારતો કરવો જ પડે છે. સત્ય પરિસ્થિતિનું, સંબંધોનું કે બીજું કંઈ પણ માણસના ગમા - અણગમા સાથે કે ઈચ્છા - અનિચ્છા સાથે બદલાતું નથી. માણસે બદલાવું જ પડે છે. સત્યની ઈચ્છા અને સત્યના સ્વીકાર ગમા-અણગમા સાથે સ્વીકારવાની આવડતરૂપ જ માનવીને જીવવામાં મદદરૂપ થઈ શકે છે. બાકી તો પશુ-પંખી, ઢોરની જેમ જિંદગી જીવ્યે રાખવી તેના કરતાં તો બહેતર છે કે આપણા સમાજના લોકોને ઉપયોગી થઈ પડવું કે આવતી કાલે અન્ય લોકોની સહાયે મદદે દોડવું યથાર્થ છે. ઈશ્વરે આપણને મન, બુદ્ધિ તથા હૃદય આપ્યાં છે. પરંતુ સાચી દિશામાં મનને કેળવી બુદ્ધિ તથા અંતરાત્માને અનુરૂપ જીવન જીવવું એ જ જીવવાની સાચી કલા છે.

*- રાજેશ કડકીઆ (ઘાયલ)*


**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

**આયોજીત**

**ઈન્ટરનેટ, ઈમેઈલ શીખો - મફત**

ઈન્ટરનેટ, ઈમેઈલ આજના યુગની ખાસ જરૂરિયાત છે. દુનિયાના કોઈ પણ ખુણે કોઈનો પણ સંપર્ક થઈ શકે છે અને દુનિયાની કોઈપણ ક્ષેત્રની કોઈપણ માહીતી ઈન્ટરનેટ ઉપરથી પ્રાપ્ત થઈ શકે છે. આ શીખવા માટે ઉંમરનો કોઈ બાધ નથી. મોટી ઉંમરના વડીલો જો આ શીખે તો પોતાના પરદેશ રહેતા સંતાનો તથા પૌત્ર, પૌત્રી સાથે સંપર્ક રાખી શકે. ઉપરાંત બાળકો પાસે સાવ પછાત અને ગમાર ન લાગે.

શ્રી બાલાસિનોર નવયુક સંઘ આ દિશામાં એક નવું કદમ માંડે છે. દર રવિવારે સવારે ૧૦ થી ૧ સુધીમાં સંસ્થાની સી.પી. ટેન્ક ખાતેની ઓફિસમાં આ બાબત નું શિક્ષણ કોઈ પણ ફી વગર અને કોઈપણ ઉંમરની બાધ વગર આપવામાં આવશે. આશા છે સૌ કોઈ બાલાસિનોરવાસી આ યોજનાનો લાભ લેશે.

વધુ વિગત માટે સંપર્ક કરો.

**મંજુલ શૈલેષ ધારીઆ**

✆ : ૨૪૯૩૩૬૧૮ • ૫૬૮૦૨૪૪૧

૯૮૨૦૧૩૫૦૧૪

# મા

માનવીએ ઈશ્વરને પૃથ્વી પર અવતરવા પ્રાર્થના કરી અને ઈશ્વરે માને મોકલી આપી.

આ જગતનો સૌથી મીઠો કોઈ શબ્દ હોય તો તે છે મા. સૌથી સુંદર કોઈ સાદ હોય તો તે છે મા. સૌથી મહત્વની કોઈ વ્યક્તિ હોય તો તે છે મા. સૌથી ઉત્તમ માર્ગદર્શક કોઈ હોય તો તે છે મા. સૌથી નિર્મળ અને સરળ કોઈ શુભેચ્છક હોય તો તે છે મા. અભય અને આશિર્વાદની અમરવેલ એટલે મા. અંતરનાં આશીર્વાદની કલકલ વહેતી રહેતી પાવનકારી ગંગોતરી એ મા. જેને પત્ર ન લખ્યો હોય છતાં જેની આંખોમાં લખવા ધારેલા પત્રનો પ્રેમાળ જવાબ વંચાય તે મા. દેહમાંથી જે દેહ આપે, જીવમાંથી જીવ આપે, અપેક્ષા વિના પારાવાર સ્નેહ આપે, જેનાં પ્રેમમાં લેખા જોખાં ન થઈ શકે તે મા.

શબ્દોકોશમાં માનો અર્થ જે પણ હોય, વાત્સલ્યકોશમાં  તો મા એટલે પ્રેમ અને સમર્પણ. પોતાનાં સંતાનની જેને હૈયે સતત ક્ષણેક્ષણ, શ્વાસે શ્વાસ ચિંતા રહેતી હોય, અને એ ચિંતામાં પોતાનાં સુખદુ:ખ પોતાનું સમગ્ર અસ્તિત્વ ઓગાળી નાખતી હોય તે મા.

મા શબ્દમાં સમગ્ર વિશ્વ આવી જાય છે. મા એક એવો શબ્દ છે, જે આશા અને પ્રેમથી ભર્યો ભર્યો છે. એક મધુર અને માયાળુ શબ્દ જે હૃદયનાં ઉંડાણમાંથી આવે છે. મા શોકમાં આપણું આશ્વાસન છે. દુ:ખમાં આપણી આશા છે. દુર્બળતામાં આપણી શક્તિ છે. મા પ્રેમ, કરૂણા, ક્ષમા, શીલતા અને મહાનુભૂતિનો ઝરો છે.

મા સહેદે આપણી વચ્ચે ન હોવા છતાં મા કદી વિદાય લેતી નથી. માનો દેહ ન હોય ત્યારે એનું વહાલ હવાનાં કણકણમાં વિખેરાઈને આલિંગન આપે છે. મા જેવો છાંયડો ક્યાંય હોય નહિ, માના જેવું પ્રિય કોઈ જ નહિ.

બાળક જન્મે ત્યારથી લઈને મૃત્યુ સુધી તે ગમે તેટલો મોટો થઈ જાય છતાંય માતા માટે તો તે બાળક જ રહે છે. માના સમગ્ર જીવનનું કેન્દ્રબિંદુ તેનું સંતાન જ હોય છે. સંતાન ક્ષેમકુળતા, તેની પ્રગતિ, એના જીવનની અનેક પ્રસંગ શૃંખલા એ બધાંની સતત સંભાળ, ચિંતા એ જ માતાનું જીવન.

આપણી સંસ્કૃતિ માતૃદેવો ભવ: ની સંસ્કૃતિ છે. માતા અને સંતાનના સંબંધમાં નિર્વ્યાજ પ્રેમનો સાગર જ હંમેશા ઘૂઘવાતો રહે છે. શ્રી રમણલાલ સોનીનાં શબ્દોમાં કહીએ તો માતા મહાતીર્થ છે. માતા જન્મદાત્રી તો છે જ. દ્વિજત્વ આપનારી સંસ્કારદાત્રી પણ છે પણ એથીયે આગળ માતા શક્તિ પ્રતીક બની રહે છે. મા એ દેવોને દુર્લભ એવું સ્વરૂપ છે.

માતાનું માતૃત્વ પોતાનાં સંતાન માટે કંઈપણ કરી છૂટવા તૈયાર થાય છે. મા જીવનભર દુ:ખો સહન કરી સંતાન તરફ સુખની ગંગા વહાવતી રહે છે. ધરતી ધીરજ ખોઈ ધ્રુજશે પણ માતાની ધીરજ નહિ ખૂટે. ગંગાજીનાં નીર વહેતાં ઓછાં થશે પણ માતાનાં સ્નેહમાં ભટતી-ઓટ નહિ આવે. ચોમાસામાં મેઘ વરસીને રહી જાય પણ માનો મેઘ બારેમાસ એક સરખો વહ્યા કરશે. મા કોઈપણ પરિસ્થિતિના પાણાને મનોબળની હથોડી વડે તોડવાનો પ્રયત્ન કરી સંતાનને સુખ આપવા પ્રયત્ન કરતી હોય છે. મા પોતાના જીવતરને થીંગડા મારે છે પણ સંતાનનું જીવન પાલન અકબંધ રહે તેવા પ્રયત્નો સતત કરે છે.

આવી વાત્સલ્યમૂર્તિ માની મોટામાં મોટી સેવા એ ગણાશે કે કોઈ સંતાન દ્વારા મા દુભાય નહિ, પીડાય નહી, કે માને ક્યારેય ઓછું ન આવવું જોઈએ. તેના સ્વમાન, તેની લાગણીને ઠેસ ન પહોંચે કારણ કે ભગવાનને ભજવાથી 'મા' મળતી નથી પણ 'મા' ને ભજવાથી ભગવાન અવશ્ય મળે છે.

બરકત વિરાણીના શબ્દોમાં....

*ઈશ્વર જેવો કોઈ મહાન કલાકાર નથી*
*એ માનવીને સર્જે છે, પણ*
*માનવીની નીચે પોતાનું નામ નથી લખતો*
*અને લખે છે, ત્યારે તે માતાનું નામ લખે છે,*
*પણ માતાય ઈશ્વરની મહાનતાનું પ્રતિક છે,*
*એ બાળકને પોતાનાં પિતાનું નામ આપી દે છે.*

**- અમીતા ધારીયા**

# માનવીય ક્રાંતિના મસીહ દાદા ધર્માધિકારી

'પ્રભુને સ્નેહ કો સંસારકી કસૌટી પર ચઢાયા
તબ ઉસંમે સે ઉસને દાદા કો બનાયા
જબ પ્રભુ અપની કારીગરી કો સ્વયં દેખ પાયા
વહ ભી દાદા કા સ્નેહ પાને કો લલચાયા''

કવયિત્રી નંદિની મહેતા સ્નેહના સાગર સમા દાદા ધર્માધિકારીને શ્રધ્ધાંજલિ આપતા પોતાના કાવ્યમાં આ રીતે તેમનો પરિચય આપે છે. સંત વિનોબાજી પણ દાદા માટે શું કહી શકાય એવા પ્રશ્નના ઉત્તરમાં સગર્વ કહે છે કે 'દાદા ભારે પ્રેમી છે, સ્નેહમૂર્તિ છે.!' તો પુરુષોત્તમ માવલંકર કહે છે : ''દાદા એટલે સદા જીવંત અને રસભર્યા વિચારો - દ્રષ્ટાંતોનો સતત ઉંચે ઉછળતો અને દૂરનાં નજીકનાં સહુને પ્રેમથી - ચિંતનકણિકાઓથી એક ધારે પલાળતો ફુવારો!' તેમના જીવમાં પ્રેમ મૈત્રી અને કરૂણાનો સંગમ જોવા મળે છે. તેમની વાણીમાં તર્કની તીવ્રતા સાથે અદના મનુષ્ય માટેની નિસ્બત પ્રગટ થતી. આ અર્થમાંતે માનવીય ક્રાતિંના મસીહા કહી શકાય. તેમાં કરૂણા ને પ્રેમનો સમાદર તેમની આધારશિલા બનતી.

બેતુલ જિલ્લામાં મૂલતાપી નામના નાનાસા ગામડામાં સન ૧૮૯૯માં ૧૮ જૂને તેમનો જન્મ થયો. આ જન્મભોમમાં શરૂના પાચં વર્ષ રહ્યાં. ઘરમાં તે સૌથી નાનો પૌત્ર આથી લાડકોડ ને ખેલકૂદમાં જ બાળપણ વીત્યું. છ વર્ષના થયા ત્યારે પિતા સાથે સાગર (મધ્ય પ્રદેશ) રહેવા ગયા. ત્યારથી છેક અઢાર વરસની ઉંમર સુધીનો સંસ્કારસુલભ કાળ મહાકોશલમાં પસાર કર્યો. નાનપણમાં મારપીટથી શિક્ષકે ગણિત માટે હાઉ ઉભો કરેલો. તેથી મોટપણ સુધી તે અદાવત જળવાઈ રહી. બાકી ન્યાયશાસ્ત્ર કે તર્કશાસ્ત્ર હોય તેમના માટે ડાબા હાથનો ખેલ હતો. અંગ્રેજી ભાષા પર પણ સારું પ્રભુત્વ ને તેમાં વળી વર્કત્વકળા સહજ વરેલી. આથી કોલેજમાં સારી નામના કાઢેલી. તે અરસામાં પૂ. ગાંધીજીની એક વર્ષમાં સ્વરાજની ઘોષણા જાહેર થતાં કોલેજ છોડી તેમણે આંદોલનમાં ઝંપલાવ્યું. દેખાવમાં એકવડી શરીરયષ્ટી, પ્રસન્ન ને હસતી આંખો, માથે ખાદીની સફેદ ટોપી, શરીરે ખાદીનું પહેરણ ને ધોતિયું, પગમાં ચપ્પલ આવી આ મૂર્તિ વ્યાસપીઠ પરથી છટાદાર ભાષણ કરે, એક પછી એક શબ્દો બહાર પડતા હોય. પાછળ અર્થ દોડતો આવે. વાણીમાં ઉત્સાહ ને બોલવામાં વિલક્ષણનો વેગ જોવા મળે. એમના શબ્દો કાળજાને હલાવી જતા ને તે શબ્દોમાં વ્યક્ત કરેલા વિચાર સૌના મસ્તકને આંદોલિત કરી જાય. ૧૯૨૦ થી ૧૯૩૨ સુધીનો ગાળો એમના વકતૃત્વનો યૌવનકાળ હતો. આ કારણે તરુણો તેમના ભાષણથી રોમાંચિત થતાં. પણ ત્યારબાદ ગાંધીના તત્વજ્ઞાન ઉપર તેમની નિષ્ઠા બેઠી ને પછીના બાર વરસના ગાળામાં તેમના વ્યક્તિત્વને ધીર ગંભીર સ્વરૂપ મળતું ગયું. એમનું જ્ઞાન પણ ઊંડું થતું ગયુ અને વાણી અર્થગૌરવથી ભરાતી ગઈ. તેમાં સ્થિરતા સાથે વ્યાપકતા આવી. પોતાની વાત તેઓ બહુ પધ્ધતિસર રજૂ કરતા થયા. જાણે તેમના વકતૃત્વને રમ્યોદાત્ત સ્વરૂપ પ્રાપ્ત થયું! શુધ્ધ વિચાર અત્યંત વૈજ્ઞાનિકતાથી, અનાગ્રહી વૃત્તિથી, બુદ્ધિને આહવાન કરતાં કરતાં પરંતુ એટલો જ હૃદયના ઊંડાણને સ્પર્શ કરતાં કરતાં પ્રસ્તુત કરવાની કળા તેમને સહજ સાધ્ય બની.

દાદા હતા સામાન્ય જનોના મુકુટમણિ. તેમણે પોતાની મહાનતાને સામાન્યતાના આવરણમાં સદાય ઢાંકી રાખી. પોતાના વિભૂતિમયત્વને સહજતાના અવગુંઠનમાં, ધૂમટામાં સંભાળી રાખ્યું. એમનો

ગૃહસ્થાશ્રમ સંન્યાસીઓને શરમાવે એવો વૈરાગ્યયુક્ત હતો. તેમાં ભારોભાર વત્સલતા હતી. નેતા એ ક્યારેય બન્યા નહી. પોતાનો કોઈ અનુયાયી એમણે બનવા ન દીધા. સભામાં કદી ગયા નહીં. સંપત્તિનો મોહ કદી રાખ્યો નહી. વિભૂતિમત્વ એમનું અસાધારણ હતું જેને છુપાવીને તે જીવ્યા. દાદા પોતે ઋજુતા-યોગી હતા. આ સાથે તેમનામાં અજાતશત્રુત્વ હૃદયગત હતું. જ્યાં સુધી મનમાં અનાગ્રહ ના હોય ને વિચારની અનાસક્તિ ના હોય, ત્યાંસુધી આ અજાતશત્રુત્વ સધાતું નથી. તેમનું ચિંતન જાગતિક જ રહેતું. તેમની ચેતના કોઈ જાતની વાડબંધીથી કે પારકાપણાની ભાવનાથી બિલકુલ પ્રદૂષિત થઈ નહોતી. આથી સૌને દાદા પોતાના લાગતા. પોતાની નિકટના લાગતા. એમને સંત, મહાપુરુષ કે મહામાનવ કહેતા જીભ ન ઉપડે. પરંતુ આટલી મહાનતાં છતાં આટલી સામાન્યતા ને સહજતા વિરલ જ જોવા મળે. તેઓ સ્વભાવે અને સ્વધર્મે ક્રાંતિપુરુષ હતા. માણસજાત માટે એમના હૃદયમાં ધર્મ-નિરપેક્ષ, જાતિનિરપેક્ષ, રાષ્ટ્રનિરપેક્ષ અને મૂલ્ય નિરપેક્ષ એવી કરુણાનું સરોવર છલકાતું હતું.

પોતાના પિતા અંગે કહેતા જસ્ટીશ ચંદ્રશેખર લખે છે : ''છોકરાઓને ક્યારેય માર્યા હોય કે વઢયા હોય એવું મને યાદ નથી. તે સિવાય પોતાનાં છોકરાંવને સંસ્કાર આપવાની કે ઉપદેશ આપવાની ભાંજગડમાં તે કદી પડયા નથી. તેમનું જીવનદર્શન જ અલગ હતું. હરામના પૈસાની તે વિરુધ્ધ હતા. હા, તેમનું જીવન વ્યક્તિગત નથી રહ્યું. સામાજિક જીવનમાં અનેક છોકરા-છોકરીનો, તરુણો-તરુણીઓ તથા સ્ત્રી -પુરુષોની સ્નેહયુક્ત વિશ્વાસ તે સંપાદિત કરી શકયા હતા. ઘર ઈંટ પથ્થરનું નથી હોતું. માણસોનું હોય છે એમ જ તે માનતા તેથી તેમનું ઘર ઘણું વિશાળ બન્યું. કૌટુંબિક ભાવનાનો વિસ્તાર એ જ જાણે તેમનું જીવનકાર્ય હોય એમ લાગતું.''

તેમની પુત્રવધૂ તારા પોતાના સસરાને શ્રધ્ધાંજલિ આપતા કહે છે એમનું કુટુંબ જ એમની સ્નેહ વૃત્તિની ગંગોત્રી હતી. એટલે એમની કુટુંબ-વત્સલતા અને સમાજ પ્રેમ વચ્ચે ક્યારેય વિરોધ ઉત્પન્ન થઈ શક્યો નહી અને તેમના સહયોગીઓ પણ કુટંબ બની ગયા. વાસ્તવમાં એમની વિશ્વ કુટુંબની ભાવનાને લીધે જ અમારા કુટુંબને પાવિત્ર્ય અને પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ છે. તેમની કૌટુંબિક વૃત્તિમાંથી જ સ્ત્રીઓ માટેની તડપન પેદા થઈ છે. એમની અપાર વત્સલતાને કારણે જ સ્ત્રીજીવનની સમસ્યા બરાબર એમના ખ્યાલમાં આવી. તેમણે સ્ત્રીજીવનના પ્રશ્નોનું શુધ્ધ બુધ્ધિએ અને ચિકિત્સક વૃત્તિએ ચિંતન કર્યું છે. એમના આ ચિંતનનો પરિપાક એમની 'સ્ત્રી - પુરુષ સહજીવન' કૃતિમાં જોવા મળે છે. સ્ત્રી પુરુષ વચ્ચે શુધ્ધ મૈત્રીનો સંબંધ સ્થાપવો. એ આપણી સામાજિક ક્રાંતિનો ઉદ્દેશ ને પ્રયોજન હોવું જોઈએ. અને સ્ત્રીનું જીવન સ્વાયત્ત ને સ્વ-નિર્ભર બને એમ તે માનતા.''

તેમના લગ્ન મીરાપુરના મોટા જમીનદાર રામરાવ મીરાપુરકરની દીકરી સાથે થયા હતા. તેને તેઓ માલકિન કહેતા. તેમની પત્નીને કારણે તેમનો સંસાર સુવ્યવસ્થિત ને સુંદર બન્યો. પોતાની પત્નીને તે સાથી ને મિત્ર માનતા. બાળકોમાં સંસ્કાર સિંચનનું કામ માલકિને કર્યું છે અને સહચારિણીને નાતે તેને તે ખૂબ પ્રમે કરતા. સ્વરાજની ચળવળમાં પણ તેમના પત્નીએ ભાગ લીધો હતો. પણ પછી તેમને માનસિક બીમારી લાગુ પડતાં દાદાના જીવનમાં અનપેક્ષિત વળાંક આવ્યો. તેમને દુનિયામાં સર્વત્ર વ્યાપત માનવીય સહાનુભૂતિનો, નિર્વ્યાજ આસ્થાનો અને વ્યાપક માતૃત્વનો સાક્ષાત્કાર થયો. માલકિનના વિયોગથી દાદાને મનુષ્યમાં વસેલા ઈશ્વરનાં દર્શન થયા. એ સંકટને સ્નેહ સમારોહનું પાવિત્ર્ય પ્રાપ્ત થયું. તેમનાં પરિવારમાં એક દીકરી ને ત્રણ દીકીરાઓ. તે સૌને તેમણે મા ને બાપ નો પ્રેમ આપ્યો.

તે જાતે ચુટંણીથી અલગ રહેતા. કોઈ પદનો તેમનો

મોહ નહોતો. આમ છતાં રાજકરણ સાથે તેનો નાતો અતૂટ રહ્યો. ગાંધીજીની સાથે સ્વરાજ્ય આંદોલનમાં જોડાયા અને અનેકવાર જેલયાત્રા પણ ભોગવી. પૂ. બાપુના મરણનો તેને ઘણો આઘાત લાગ્યો. તેમની વચ્ચેનો પ્રમેભર્યો સંબંધ અને મૈત્રી મહત્વના હતા. તેમાંયે તેમની વિનોદીવૃત્તિથી પૂ. બાપુને તે હંમેશ પ્રસન્ન રાખતા. તેમના અધ્યયન અને વિધ્વત્તાનો લાભ ગાંધીજી અવરનવર લેતાં. આથી પૂ. બાપુજીના જવાથી તેમને અંદરથી ખાલીપાનો અનુભવ થવા લાગ્યો.

મૂળે દાદા વિચારક્રાંતિના પ્રણેતા. વિચાર માત્ર અપૌરુષેય છે એમ તે દ્રઢપણે માનતા. તેમની વિચારનિષ્ઠાના સુભગ દર્શન આપણને તેમના બે પુસ્તકો વિચારક્રાંતિમાં થાય છે. As you think so you become આ તેમનો પાયો. આમ છતાંયે તેમણે કોઈના પર પોતાના વિચારો લાધા નથી. આજ તેમની વિશિષ્ટતા! મનુષ્યનું તેમને વ્યસન હતું. એમ તે કહેતા. સ્નેહના સુદર્શન ચક્રમાં તે લખે છે. : ''સ્નેહની દ્રષ્ટિ દુનિયા આખીનું નૂર બદલી નાખે છે. સ્નેહની દ્રષ્ટિમાં ને દર્શનમાં જીવનની ઉન્નતિ છે. સ્નેહનું વ્યાપક બનવું, એ જ જીવત્વના બંધનોને ઢીલાં કરવાનો માર્ગ છે. એ જ પ્રાંજલ આનંદમય જીવનની ઉપલબ્ધિ છે, વ્યાપક સ્નેહ એ મુક્ત સમાજ જીવનનું અમૃતતત્ત્વ છે. સ્નેહ દ્વારા માણસ ભેદમાંથી અભેદ તરફ અજાણ્યે જ પણ નિશ્ચિપણે અગ્રેસર થતો જાય છે. પરાયાપણાનું તેમજ દ્વૈતભાવનાનું અનાયાસ નિરાકરણ થતું જાય છે. અને છેવટે તાદાત્મય સિધ્ધ થાય છે.આ જ છે સ્નેહચક્ર.

ધર્મચક્ર, કાળચક્ર, દૈવચક્ર, સંસારચક્ર, યજ્ઞચક્ર વગેરે અનેકવિધ 'ચક્ર' સુવિખ્યાત છે. આ સૂર્ય ને આ પૃથ્વી પોતપોતાની ધરી પર ધૂમતાં રહે છે. પરંતુ માનવીય વ્યવહારોનું ચક્ર સ્નાહેની ધરી પર ફરતું રહે છે. સ્નેહથી જ માણસ - માણસ વચ્ચે પરસ્પર સંબંધો આપ્તભાવ તેમજ આત્મભાવ સ્થપાય છે. તેથી સ્નેજચક્ર જ વિશ્વનું તેમજ વિશ્વ નિયંતાનું પવિત્ર તથા જીવન વિકાસકારી સુદર્શન ચક્ર છે.

'ગાંધીવાદના ભાષ્યકાર' એવા આ દાદાનું ૮૭ વર્ષનું જીવન એટલે સુદીર્ઘ, સમૃદ્ધ, સુરેખ જીવન. એટલું જ સંનિષ્ઠ કર્તત્વ એટલું જ સહૃદય વ્યક્તિત્વ. તેઓ આસ્તિક હતા પણ ભાવુક નહોતા. તેમના જીવનમાં અદભુત મિશ્રણ હતું વિચાર, સંવેદન અને ભાવનાનું ! પણ તેમાં લગણીવેડા નહી. તેમના પર મહાન દાર્શનિક જે. કૃષ્ણમૂર્તિની ભારે અસર હતી. વર્ષો સુધી તે વિમળાતાઈ સાથે તેના મૌલિક ચિંતનમાં સહભાગી થયા પરિણામે તે આજીવન કંઠી મુક્ત રહ્યાં.

'સહજ નિરાંડબર મરીએ' આ ભાવ તેમણે જાળવી બતાવ્યો. આથી પોતાની ડાયરીના છેલ્લા પાને એક નિવેદન તેમણે લખી રાખ્યું હતું. 'જ્યાં મારું મરણ થાય, ત્યાં જ કે નજીકની કોઈ જગ્યા પર શરીરનું દહન કરવામાં આવે. વીજળીથી બાળવાની વ્યવસ્થા હોય ત્યાં જ બાળવામાં આવે. શબને ખભે ઉપાડીને ન લઈ જવાય. શબયાત્રા ન કઢાય. સ્મશાનમાં ભાષણ વગેરે ન થાય. શબને કોઈ વિશેષ જગ્યાએ ન લઈ જવાય.. જ્યાં મરણ તેની આસપાસ દહન, બહારથી કોઈને બોલાવવામાં ન આવે. દહનમાં ચંદન, કપૂર, ધીનો ઉપયોગ ન થાય. કોઈપણ પ્રકારનું સ્મારક ઉભું ન કરાય. શોકસભાઓ પણ ન ભરાય.'' ૧ લી ડીસેમ્બરના રોજ તેમણે આ પાર્થિવ દેહ છોડયો ને તેમનો અગ્નિ સંસ્કાર એની માનસકન્યા તારા ભાગવતે (જેમણે આ લેબલ વિનાના સામાન્ય માણસને 'મનીષની સ્નેહગાથા' રૂપે અક્ષરદેહથી ધડયો ને છેલ્લા વર્ષોમાં તેમની અનન્ય સેવાચાકરી કરી) પવનાર આશ્રમમાં. એમા ત્રણ પુત્રોની હાજરીમાં કર્યો. અહીં આ મહામાનવને આપણી નત મસ્તકે શ્રધ્ધાંજલિ અર્પી તેમની સ્નહેગાથાને સમેટી લઈશું.

ૐ શાંતિ : શાંતિ : શાંતિ :

*- રજૂકર્તા : ભગેશ કડકિયા*

# ''વ્યથા કે યાતના'' – ''મધ્યમ વર્ગનો માનવી''

મધ્યમ વર્ગનો આ માનવી,
પીસાતો,પીલાતો આ માનવી,
કેવી દશા પામતો આ માનવી,
ના જીવી શકતો, ના મરી શકતો,
જ્યાં એક કમાનાર, ને ચાર ખાનાર હોય,
ત્યાં આત્મહત્યા,આપઘાત સિવાય ના છુટકો! ...(૧)

દશા કરનાર આજના આ નેતા,
મોંઘવારીની એમને શું ખબર?
એમને ક્યાં ગોબા પડે છે!
એસીનુ ઘર, એસીની ગાડી,
એસીમાં ફરવું, એસીમાં રહેવું,
પ્રજાની એસી તેસી, મન પણ એસીનું! ...(૨)

પ્રજાએ જેમને ખુરશી આપી,
એવાજ દિવસે લુટે છે,
ટેક્ષ પર ટેક્ષ નાખે છે,
જકાત, વેટ નાખી વેતરે છે,
ક્યાં સુધી વેતરતા રહેશો!
પેટે ધાન ખાવા દો,
ને તન પર કપડા રહેવા દો. ...(૩)

જનમ પર ટેક્ષ નાખ્યો તમે,(હોસ્પીટલ)
જકાત, વેટ ઉઘરાવો હવે,
(અનાજ, દવા) જીવન જીવવા પર ટેક્ષ,
જનમ, જીવન, લગન, મરણ પર ટેક્ષ,
ટેક્ષમાં બાકી શું રહ્યું, શોધી કાઢો હવે!
ટેક્ષ નાખતા રહો ને પેટ ભરતા રહો ...(૪)

આઝાદ ભારત (ઈશ્વર) તને મુબારક,
ગુંડાગીરી, લુંટફાટ, બળાત્કાર,
જેને કોઈ સજા નહિં,
જામીન મેળવી ફર્યા કરે!
સજા જેલની પણ બાદશાહી,
જ્યાં મળે શરાબને નાચનારી. ...(૫)

સહનશક્તિની હદ થઈ હવે,
ક્યાં સુધી સહન કરશે પ્રજા,
પ્રજા વિફરશે, મહેલો બાળશે,
પથ્થરોથી સ્વાગત કરશે!
શાન ખુલશે ત્યારે,
ઘણું મોડું થયું હશે! ... (૬)

શેરડી પીલાતી - કુચા જોવું છું,
તે પ્રાણીના ઉપયોગમાં આવે છે.!
તેવું માનવનું આ શરીર,
દફન, દહન કરવા જેવું રહેશે કે?
ત્યારે રાજ ને તાગડધીન્ના કોના પર કરશો?
છેલ્લે ધન્ય છે ભારતની પ્રજાને,
શાંત ચિત્તે સહન કર્યા જ કરે છે!
તમે જીવો અને પ્રજાને પણ જીવવા દો,
તેમને પણ જીવવાનો હક્ક છે. ...(૭)

*''ચાંદશા''*
*ચંદ્રકાંત શાહ(ચટઈ)*



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

આખા વર્ષ દરમિયાન મહિલા વિભાગ તરફથી યોજાતા કાર્યક્રમોમાં શિરમોર સમા બે કાર્યક્રમો એટલે નવરાત્રિની ઉજવણી રૂપે ખેલાતા દાંડિયા રાસ અને દિવાળી બાદ યોજવામાં આવતું વાર્ષિક સ્નેહ સંમ્મેલન આ વર્ષે આ બંન્ને કાર્યક્રમો આપણે બધાએ ખુબ જ ઉત્સાહ અને આનંદથી માણ્યા.

૧૪ મી ઓક્ટોમ્બર- શનિવારની સાંજે હિન્દી વિદ્યા ભવનમાં વાતાવરણ ખરેખર જ ખુબ રંગીન હતું વિવિધરંગી વેષભુષામાં સજ્જ બહેનો મોટી સંખ્યામાં ઉત્સાહથી ગરબા રાસ રમવા આવી હતી. નીતા ગાલા તેમ જ તેમના સાથીદારોએ સુંદર સંગીતના તાલે બધાને ખુબ જ આનંદ કરાવ્યો હતો. દક્ષાબેન ગાંધી અને ઉર્મિલાબેન ઝવેરીએ નિર્ણાયકની ભુમિકા નિભાવી હતી. અને ઈનામ વિજેતાઓની યાદી સુપ્રત કરી હતી. આ માનદ્ ફરજ માટે સંસ્થા તેઓનો ખુબ ખુબ આભાર માને છે. ઈનામ વિજેતા બહેનો ધન્યવાદને પાત્ર છે. અને સંસ્થા તેઓ સૌને અભિનંદન પાઠવે છે. સર્વ ઈનામો શ્રીમતી કોકીલા બહેન રમેશચંદ્ર ધારીયા(લાલખાં) તરફથી આપવામાં આવ્યા હતા. સંસ્થા તેમનો અંતકરણ પૂર્વક આભાર વ્યક્ત કરે છે. આજના દિને સંસ્થા તરફથી લ્હાણી આપવામાં આવી. આપ સૌની જાણ ખાતર ઈનામ વિજેતાઓના નામોની યાદી નીચે મુજબ છે.

***ગ્રુપ-૧ (૬ થી ૧૫ વર્ષ)***

૧) કોરલ શાહ — *Best dress* - નિયોમી પારેખ

૨) રાશી કડકીયા

૩) કોમલ શાહ - જયંતી ગાંધી

***ગ્રુપ -૨ -( ૧૬ થી ૩૦ વર્ષ)***

૧) પ્રિયંકા પારેખ — *Best dress* - નિકીતા પારેખ

૨) ખુશાલી દેસાઈ

૩) ભાગ્યશ્રી પારેખ

***ગ્રુપ -૩ (૩૦ થી ૫૦ વર્ષ)***

૧) દીપ્તી પરીખ — *Best dress* - ડીમ્પલ કડકીઆ

૨) બીજલ ગાંધી — - નીકીતા

૩) પ્રિતી ધારિયા

૪) પિન્કી પરીખ

૫) તૃપ્તી લાકડાવાળા

***ગ્રુપ - ૪ (૫૦ વર્ષથી ઉપર)***

૧) ભારતી શાહ — *Best dress* - રેખા દેસાઈ

૨) રશ્મી પરીખ

બીજો કાર્યક્રમ એટલે વાર્ષિક સ્નેહ સંમેલન ૯ મી નવેમ્બર ગુરુવારની બપોરે તેજપાલ હોલમાં આપણું વાર્ષિક સ્નેહ સંમેલન યોજવામાં આવ્યું હતું. 'જોડી કમાલ કી' એ શિર્ષક આજકાલ ખૂબ જ મશહુર છે. તેમ જ સૌને અતિપ્રિય પણ છે,ફરી વધુ એકવાર નીતા ગાલા અને તેમના સાથીદારોએ આ ગેમ શોનું આયોજન દ્વારા આપણને સૌને આનંદનો અનુભવ કરાવ્યો. આપે મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને અતિ સફળ બનાવવામાં સહાય કરી. આપણું અહોભાગ્ય કે આપણી જ્ઞાતિના પ્રતિષ્ઠિત દેડકી કુટુંબના શ્રીમતી પદમાબેન પ્રવિણચંદ્ર દેસાઈ (દેડકી) સ્નેહ સંમેલનના મુખ્ય મહેમાન રૂપે આમંત્રીત હતા. ઈનામો તેમજ ગીફ્ટ તેમના તરફથી આપવામાં આવ્યા હતા. આમ

કાર્યક્રમનો સંપૂર્ણ ખર્ચ તેમણે ભોગવ્યો હતો. સંસ્થા તેમનો હૃદયપૂર્વક આભાર માને છે. નાસ્તાના પકેટોના વિતરણ બાદ સૌ છૂટા પડયા હતા.

કોઈકે કહ્યું છે કે ઐશ્વર્ય તો રાતોરાત આવી શકે છે પરંતુ સંસ્કાર આવતા વર્ષો પસાર થઈ જાય છે. જાણે આ ઉક્તિ આપણે સાચી પાડવા માગતા હોઈએ તેવો વર્તાવ વાર્ષિક સ્નેહ સંમેલનના દિને આપણી સામે હતો. નાસ્તાના પેકેટો તેમજ ગીફ્ટ મેળવવા દરમિયાન ઉપસ્થિત સંજોગો તેની સાક્ષી પુરતા હતા. (કાર્યકર્તાઓ બને તેટલી સગવડ આપવાનો પ્રયત્ન કરે છે. કાર્યકર્તાઓને મર્યાદામાં રહીને કામ કરવું પડે છે.) સમજી શકાય તેવી વાત છે કે દુર રહેતા સભ્યોને કદાચ મોડું થતું હોય કારણ ગમે તે હોઈ શકે, પરંતુ જ્યારે આપણે સિનેમા કે નાટકના શો સમયે માનસિકતા સાથે જઈએ છીએ. તેવીજ માનસિક તૈયારી સ્નેહ સંમેલન વેળાએ પણ કેળવવી જોઈએ. આપણે તો સૌ ભણેલા ગણેલા છીએ. તેમજ સંસ્કારી કુટુંબમાંથી છીએ. આ વર્ષ તો વીતી ગયું પરંતુ હવે પછી આવનાર વર્ષોમાં આપણા સુસંસ્કારો દર્શાવવાનો મોકો જવા ન દેવો જોઈએ. આવનાર વર્ષો દરમિયાન જો આવું મહેણું નિવારી શકાય તો એ આપણી મોટી સિદ્ધિ હશે અને તેમાં આપ સૌનો સાથ અને સહકારની આશા સાથે......

*સંયોજક - નીના કડકીઆ*

*ફોન : ૨૩૬૭૩૪૨૦ - ૯૮૨૦૨૭૭૭૮૯*

---

## K.M.G. General Hospital Trust, Balasinor
## Donation Received During A/c. year 2005-2006

| | |
|---|---|
| 800000.00 | Greens Foundation Secunderabad. Jayantilal M. Kadakia (VallabhGhela Parivar) (For Feco Machine Eye Dept.) |
| 600000.00 | Shree Balasinor Seva Samaj, Balasinor (Income Exp. A/c.) |
| 555000.00 | Trust Fund (Operation Mitis) (Rs. 7500* 74) |
| 100000.00 | Subhadraben Navinchandra Shah (Menpurawala) |
| 55000.00 | Dr. Kirit M. Dhariya (Daudia) (Balance of Neonetal ward) |
| 50000.00 | Bakhaliwala Parivar |
| 50000.00 | Savitaben Occhavlal Mody (Shaherawala) |
| 32500.00 | Nibhavfund (Chasma) |
| 25000.00 | Rajkumar D. Sheth |
| 25000.00 | Girishkumar Kodarlal Kapadia |
| 15000.00 | Induben Rasiklal Dharia (Dalal) |
| 6000.00 | Chandrakant Kodarlal Parikh (C.K.) |
| 5000.00 | Rajnikant O. Shah (Thasrawala) |
| 5000.00 | Firozkhan Bahadurkhan Pathan |
| 3512.00 | Kishorkumar Kapilaben Patel |
| 10412.00 | Sundry Donations |
| 12012.00 | Life Membership Fees |
| **2349426.00** | **Total** |



# શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચૌધરી) પુરુસ્કૃત ટેલીફોન ડીરેકટરી ૧૦મી આવૃત્તિ

## જાહેર ખબર બાબત સુધારો

Well Wisher "STRIP" on each page આ જાહેર ખબરમાં વ્યક્તિનું નામ અને જે જે ગોકુલેશ આવશે. આગળ લખ્યું હતું પરંતુ ટેલીફોન નંબર પ્રીન્ટ કરવામાં નહી આવે એની નોંધ લેશો. અને આ જાહેર ખબર ફક્ત વ્યક્તિના નામે લેવાશે (FIRM )કંપનીના નામે નહી લેવાય. એક વ્યક્તિ એક જ વાર Well Wisher "STRIP" ની જાહેરાત આપી શકશે.

ટેલીફોન ડીરેકટરીનું પ્રીન્ટીંગનું કામ ચાલુ થઈ ગયું છે. હજુ પણ જેમણે ફોર્મ આગળ ન ભર્યા હોય એમણે પોતાનો ફોન નં. તથા મોબાઈલ નંબર સંયોજક તથા મંત્રીને જણાવી દેવા. જેથી આ બુકમાં અમે પ્રીન્ટ કરી શકીએ.

ટેલીફોન ડીરેકટરીની 'ડમી' બુક તા. ૨૫.૧૨.૨૦૦૬ થી ૩૧.૧૨.૨૦૦૬ સુધી નીચે જણાવેલ એડ્રેસ ઉપર મુકવામાં આવશે. તો દરેક જણને પોતાનો નંબર ચેક કરી લેવા વિનંતી. પછી ભૂલચૂક રહેશે તો સંસ્થા જવાદાર નથી.

૧) પ્રગતિ સમાજની ઓફિસ, કાલબાદેવી
૨) શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ઓફિસ
૩) શાહ એન્જી કું., ૬૪, નાગદેવી સ્ટ્રીટ, મુંબઈ- ૩.
૪) ચંદ્રેશ એન્ટરપ્રાઈર્સ કોર્પો. - ૧૭ દેવકરણ મેન્શન, લુહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨
૫) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) સંયોજક : સી/૩૦૨, સુમેર નગર, એસ.વી. રોડ, બોરીવલી (વેસ્ટ)

*સંયોજક - હેમેન્દ્ર શાહ - ૨૮૦૫૦૭૩૫ /૯૮૨૦૦૧૧૫૮૬*
*મંત્રી - પ્રદીપ કડકીયા - ૨૨૦૧૮૩૨૬ /૯૮૧૯૩૮૯૪૮૪*

## મોતિયાનું મફત ઓપરેશન લેન્સ ઈમ્પ્લાન્ટ સહિત

પૈસા વગર કોઈ પણ માણસ આંખોના આ ઓપરેશનથી વંચિત ના રહી જાય એ હેતુથી બાલાસિનોરના તથા અન્ય કેટલાક દાતાઓના સહકારથી ડો. રાજીવ નવનીતલાલ પરીખ (સરકાર) દ્વારા એક આઈ સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે.

આ સેન્ટરમાં કોઈ પણ ફી લીધા વગર (ઓપરેશનમાં વપરાતાં લેન્સના પણ નહીં) મોતિયાના ઓપરેશન રાજીવભાઈ કરે છે. તો એ માટે આપણા ગામના અથવા કોઈ પણ જ્ઞાતિના લોકો નીચેના સરનામે સંપર્ક કરી લાભ લઈ શકે છે.

આંખો અમુલ્ય છે એની યોગ્ય જાળવણી જીવન દરમિયાન ખૂબ જ આવશ્યક છે અને મૃત્યુ પછી પણ જો એનું દાન કરાય તો બીજા અંધજનોના જીવનમાં પણ પ્રકાશ ફેલાવી શકે છે. તો આ સાથે મૃત્યુ બાદ ચક્ષુદાનનો નિર્ણય પણ આજે જ લઈ લો.

**સંપર્ક કરો :** ડો. રાજીવ નવનીતલાલ પરીખ (સરકાર), ફોન - ૨૩૬૧ ૩૭૯૫, ૯૮૨૧૬ ૩૯૧૮૯. નિખિલ બાબુલાલ પરીખ : ફોન - ૯૮૨૧૩ ૨૬૪૩૨. સદ્‌ગુરૂ આઈ સેન્ટર, નબીનગર બિલ્ડિંગ, ડી-૭ ગ્રાઉન્ડ ફ્લોર. ૬૦ ફીટ રોડ, ધારાવી, મુંબઈ - ૪૦૦ ૦૧૭.

(બાલાસિનોરના તથા અન્ય દાતાઓનો હૃદયપૂર્વક આભાર)

# પ્રસાદ

આ માસ દરમિયાન અમને નાથ દ્વારા યાત્રા દરમિયાન થયેલ એક સુખદ અનુભવ તમારા સૌની સાથે વહેંચવા માગું છું. શ્રીનાથજીના દર્શન - આરતી વગેરેનો લાભ લઈ અમે જ્યારે મુંબઈ પાછા ફરતા હતા ત્યારનો આ પ્રસંગ છે. નાથ દ્વારાથી ફાલનાની અમારી વળતી મુસાફરી આ પ્રસંગને કારણે ફક્ત પ્રવાસ જ ન રહેતા યાત્રામાં પરિવર્તિત થઈ ગઈ.

અમારી કાર નાથ દ્વારાથી ફાલના તરફ ગતિ કરી રહી હતી. અંધારું જામતું હતું અને વાતાવરણમાં ઠંડક પ્રસરી રહી હતી. મંદ મંદ પવન લહેરાતો હતો. એકંદરે આસપાસ વાતાવરણ ખુશનુમા હતું. કાર ડ્રાઈવર ચલાવી રહ્યો હતો. નામ હતું એનું અનિલ. નામ પ્રમાણે તે પણ મંદ મંદ (જ્ઞાનનો) પવન લહેરાવી રહ્યો હતો. એક પછી એક આશ્ચર્યો ઉઘડતા જતા હતા. વાતની શરૂઆત ગીતો અને શાયરીથી થઈ. મારો પણ એ રસનો વિષય હતો. વર્ષ ૧૯૬૦ થી ૨૦૦૬ની સાલ સુધીના જુના - નવા લગભગ સાડા છ હજાર મંત્રમુગ્ધ કરી દે તેવા ગીતોનો સંગ્રહ ! જેમાંથી અમારી ત્રણ કલાકની યાત્રા દરમિયાન થોડોક રસાસ્વાદ અમને પણ માણવા મળ્યો. શાયરીઓ પણ કેવી ? ઈશ્વરની એકદમ નજદીક લઈ જાય તેવી ! કોઈને પણ નારાજ ન કરવાના તેના સ્વભાવ અને વૃત્તિનો ધીરે ધીરે પરિચય થતો ગયો. સાથે સાથે તેના જ્ઞાનનો પણ.

પ્રભુના પ્રસાદ વિશે તેના વિચારો જાણી આશ્ચર્ય અને અનહદ આનંદ થયો. ત્રણ અક્ષરના બનેલા શબ્દ ‘પ્રસાદ’નો અર્થ સમજાવતા તેણે જણાવ્યું કે પ્રથમ અક્ષર ‘પ્ર’નો અર્થ પ્રભુ સમજવો. બીજો અક્ષર ‘સા’ અર્થાત્ સાક્ષાત અને અંતિમ અક્ષર ‘દ’ એટલે દર્શન ! આમે જે આરોગવાથી પ્રભુના સાક્ષાત દર્શન થાય તે જ સાચો પ્રસાદ ! અને જો પ્રસાદ આરોગતી વેળાએ હૃદયમાં જે તે પ્રભુના મુખારવિંદની ઝાંખી થાય તો એ મહાપ્રસાદ ! તેમ જ તે આરોગવાથી મન, હૃદય અને કાયામાં સત્વગુણોનો સંચાર થાય તે જ આપણા માટે સાચો મહાપ્રસાદ ! આપણે ક્યારેય આ દિશામાં વિચાર્યું છે ? જવાબ કદાચ ના હોઈ શકે !

વેશમાં લઘરવઘર અને દેખાવમાં સામાન્ય જેવો જણાતો આ માણસ ખરેખર તો અસામાન્ય માનવી હતો. કાયમી નાથ દ્વારામાં નિવાસી હોવા છતાંય શ્રીનાથજીના દર્શને અનિયમિત જનારો એ સામાન્ય માનવી મને તો મૂઠી ઊંચેરો જણાયો. આવા નેકદિલ માનવીને મારી સલામ !

*- સુરેન્દ્ર રમણલાલ મોદી (ચોધરી)*

**શ્રીજી**

**શ્રી ગોકુલેશો જયતિ**

## શ્રી બાલાસિનોર મુકામે જ્ઞાનસત્રનું આયોજન

શ્રી ગોકુલેશની પવિત્ર ભૂમિ બાલાસિનોર મુકામે દર વરસની માફક આ વરસે જ્ઞાનસત્રનું આયોજન કરવામાં આવ્યું છે. **ફાગણ સુદ ૧ વાર, રવિવાર તા. ૧૮.૨.૨૦૦૭ થી ફાગણ સુદ ૭ શુક્રવાર તા. ૨૩.૨.૨૦૦૭** સુધી શોડષગ્રંથમાંથી ગોપીગીત ઉપર રસપાન પૂજ્ય શ્રી પ્રધ્યુમનભાઈ શાસ્ત્રી (વડોદરાવાળા) વ્યાસપીઠ ઉપર બીરાજી કથાનું રસપાન કરાવશે. તો સર્વે ભાઈ બહેનોને ઉપસ્થિત રહી આ કથાને યશસ્વી બનાવશો એવી વિનંતી.

**સમય : બપોરે ૩ થી ૬.૩૦**

**સ્થળ : હોળી ચકલા, બાલાસિનોર.**

***શ્રી બાલાસિનોર ભાવિક વૈષ્ણવોના જય જય ગોકુલેશ***

# બાલાસિનોર વિદ્યામંડળ સંચાલિત
# સંગીતા કિરણ દોશી ચેરિટેબલ ટ્રસ્ટ આયોજિત વ્યાખ્યાનમાળા

પ્રવક્તા : પ્રા. તરલાબેન દેસાઈ
વિષય : ''માનવે માનવ થવાનું છે''
તારીખ : ૨૪-૨-૨૦૦૭, સમય : સાંજે ૫ થી ૭
સ્થળ : બાલાસિનોર, લાયન્સ કોમ્યુનિટિ હોલ

પ્રા. તરલાબેન ગુજરાતી અને સંસ્કૃતના વિષય સાથે એમ.એ. થયા અને ૧૯૬૮ થી ૨૦૦૬, ૩૮ વર્ષ, શ્રીમતી સદ્‌ગુણા સી.યુ.શાહ આર્ટસ કોલેજ ફોર ગર્લ્સ, અમદાવાદ ખાતે ગુજરાતી વિભાગમાં અધ્યક્ષ રહી હાલમાં નિવૃત્ત થયા.

તેઓએ શ્રીરમણ મહર્ષિ શ્રીમતી વિમલા ઠાકર તથા શ્રી મા સર્વેશ્વરીના સંદેશ તથા જીવન ચરિત્ર પર સારો પ્રકાશ પાડ્યો છે. તેમના પુસ્તકોમાં 'આધ્યાત્મની અગ્નિશિખા : (વિમલા ઠાકરનો પરિચય) ગુજરાતી સાહિત્ય એકેડેમી દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યું છે. તેઓએ ગુજરાતી શેર સમૃદ્ધિ નામનું પુસ્તક તેમના વિદ્યાર્થીઓને અર્પણ કરેલું છે.

સૌને આ નિમિત્તે હાજર રહેલા ભાવભર્યું આમંત્રણ છે.

---

# કચેરિયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ

## કે.એમ.જી. હોસ્પિટલ સન્માન સમારંભ

દાતાઓ તરફથી મળેલ અમુલ્ય દાનની કદરરૂપે સન્માન સમારંભ કે.એમ.જી. જનરલ હોસ્પિટલ બાલાસિનોર ખાતે તા. ૨૪-૨-૨૦૦૭ના રોજ યોજવામાં આવેલ છે. આ પ્રસંગે દાતાશ્રી અને કુટુંબીજનો સાથે હાજર રહેવા વિનંતી છે. તમામ જ્ઞાતિજનોને હાજર રહેવા આમંત્રણ છે.

**દાતાઓ કે.એમ.જી. જનરલ હોસ્પિટલ**

(૧) શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કોલકતાવાળા)
(૨) શ્રીમતી ઈંદુબેન રસિકલાલ ઘારીયા (દલાલ)
(૩) સ્વ. કિર્તનલાલ સાકરલાલ દેસાઈ (લાટવાળા)
(૪) સાવિત્રીબેન ઓચ્છવલાલ મોદી (શહેરાવાળા)
(૫) શ્રી ગિરીશ કોદરલાલ કાપડિયા

**સેવા સમાજ**

(૧) શ્રી રાજેશ શાંતિલાલ કડકીયા
(૨) શ્રીમતી અનુબેન જ્યોતિવદન શેઠ
(૩) શ્રીમતી સુશીલાબેન બાબુલાલ કડકીઆ (વલ્લભઘેલા)

પ. પૂજ્ય પ્રદ્યુમ્ન શાસ્ત્રીજી આશીર્વચન આપશે.

*- ધીરૂભાઈ શેઠ, રાજેન્દ્ર દેસાઈ*

# શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ મેડિકલ ટ્રસ્ટ, કીડની કેમ્પ

ગયે વખતે આપણે cardiologist નિલમબેન પાસેથી આપણા હૃદય વિશે જાણ્યું. આપણે ઘરની દિવાલ સાથે ઘડિયાળના કાંટા આપણા પગમાં બેસાડી દીધા છે અને તેના ઈશારે આપણે દોડતા રહીએ છીએ. ઘડિયાળની ટક ટક પાછળ દોડવામાં આપણે દિલની ધક ધક પણ avoid કરીએ છીએ. આપણે આપણા શરીરના બધા મશીનોનું બરાબર ધ્યાન રાખી અને એને કાર્યરત રાખવાનું નક્કી કરીએ.

આનંદો ! આ વખતે સેન્ટર દ્વારા કિડની કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આપણાને સૌને ખબર છે કિડની આપણા શરીરનું ખૂબ જ જરૂરિયાતનું અંગ છે. એનું કામ શરીરમાંથી કચરો કાઢવો અને લોહીને શુદ્ધ કરવાનું છે. જો આપણે આગમચેતી રાખી એનું ધ્યાન રાખશું તો આપણે સ્વસ્થ અને તંદુરસ્ત જીવન ગાળી શકીશું. માણસ પોતાની કારની ખૂબ જ સંભાળ લેશે પણ શરીર પાછળ થોડો બેદરકાર રહે છે.

કિડનીનો કેમ્પ ૪ ફેબ્રુઆરી, ૨૦૦૭ને રાખેલ છે. આ કેમ્પમાં આપણને Slides મારફત Kidneyનું કાર્ય અને એની યોગ્ય માવજત વિશે માર્ગદર્શન આપવામાં આવશે. આને લગતા Kidneyના test, Blood pressure અને randam blood sugarની ચકાસણી કરવામાં આવશે. આ ચકાસણી માટે રજિસ્ટ્રેશન કરાવવું ખૂબ જ જરૂરી છે. રજિસ્ટ્રેશન ફી રૂા. ૫૦ લેવામાં આવશે પણ તે ચકાસણી કરાવવા આવશો ત્યારે Refund કરવામાં આવશે. આની વધારે વિગત જાન્યુઆરી મહિનાના **'જ્યોતિ પુંજ'**માં કરવામાં આવશે.

તો ! ભાઈઓ-બહેનો લાગી જાવ **'જ્યોતિ પુંજ'**ના જાન્યુઆરી મહિનાના અંકની રાહ જોવામાં. આશા રાખીએ છીએ ખૂબ જ મોટી સંખ્યામાં હાજર રહી અમારા કામ કરવાના હોંસલાને વધારો અને કેમ્પને સફળ કરો. પહેલ કરો, માત્ર વિચારો ન કરો પણ વિચારોને કાર્યમાં પરિણામો.

***માનદ્ મંત્રીઓ : પંકજ ધારિયા, દક્ષેશ કડકિયા***

# પી.વી.વિદ્યાલય બાલાસિનોરનું ગૌરવ

- બાલાસિનોર તાલુકાનો એથ્લેટીક્સ રમતોત્સવ કે.એન.હાઈસ્કૂલ ખાતે તા. ૩૦-૮-૨૦૦૬ના રોજ યોજાયો. જેમાં બાળ વિભાગમાં પી.વી.વિદ્યાલયની ગ્રીષ્મા આર. પટેલ ૧૦૦ મીટર દોડમાં પ્રથમ, દિનલ જે. રામી ૨૦૦ મીટર દોડમાં દ્વિતીય તથા ૮૦ મીટર દોડમાં તૃતીય, ધર્મિષ્ઠા કે. કોટવાલ ૬૦૦ મીટર દોડમાં દ્વિતીય તથા ચક્રફેંકમાં તૃતીય, શીતલ કે. ઠાકોર લાંબી કૂદમાં પ્રથમ તથા ઊંચી કૂદમાં પ્રથમ, નૈસર્ગી બી. પટેલ ગોળાફેંકમાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

- એથ્લેટીક્સ રમતમાં જુનિયર વિભાગમાં નમ્રતા એ. મકવાણા ૮૦૦ મીટર દોડમાં તૃતીય, શીતલ આર. પટેલ ૧૫૦૦ મીટર દોડમાં તૃતીય, પ્રિયંકા આર. પટેલ ૩૦૦૦ મીટર દોડમાં તૃતીય, હેતલ એન. પોકાર ગોળાફેંક, ચક્રફેંક તથા બરછી ફેંકમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે.

- એથ્લેટીક્સ રમતમાં સિનિયર વિભાગમાં વૃત્તિ જે. અમીન ૧૦૦ મીટર દોડમાં દ્વિતીય તથા ૧૦૦ મીટર વિઘ્ન દોડમાં દ્વિતીય, કામીની એન. પટેલ ૩૦૦૦ મીટર દોડમાં પ્રથમ તથા ૮૦૦ મીટર દોડમાં દ્વિતીય, બસંતી પી. મહેરા ચક્રફેંકમાં પ્રથમ તથા બરછી ફેંકમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. ઉપર્યુક્ત તમામ વિદ્યાર્થિનીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરીને શાળાનું નામ વધાર્યું છે.

- એથ્લેટીક્સ રમતમાં ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ શાળાના આચાર્યા શ્રી નીરૂબેને આ વિદ્યાર્થિનીઓએ અભિનંદન પાઠવ્યા છે. વ્યાયામ શિક્ષકશ્રી ભરતભાઈ પટેલે માર્ગદર્શન અને પ્રેરણા પુરી પાડેલ છે.

# JANSATHI CRICKET TOURNAMENT FOR THE YEAR 2006-2007

Opening cermany of jansathi cricket tournament for the year 2006-2007 was held on 12-11-2006. The two group leaders name Shri Paresh R. Parikh & Shri Nitin P. Gandhi were invited. Vice President of B.N.S. Shri Bhadresh P. Dharia Trustee Shri Yogesh Dharia were present. All the committee Member of Cricket were Present.
The report of 4 matches played is given below.

**1st Match : on 5-11-2006 (A3)**
**Apurva Dharia v/s (B 1) Sanjay Mody**
Apurva Dharia Team Scored 257 in 39 overs
Rahul Parikh scored 110 runs
Samir Desai 9/0/50/4W
Sanjay Mody 9/1/50/3W

Sanjay Mody team scored 235 in 40 overs
Samir Desai Scored 43 Runs
Sanket Mody Scored 23 Runs
Daishik Desai 8/0/50/4W
Utsav Mody 8/1/29/3W

Match won by Apurva Dharia Team

**2nd Match : on 12-11-2006 (A 2)**
**Shiten Kadakia v/s (B 2) Kinjal Parikh**
Kinjal Parikh team scored 197 runs in 37 over
Sandeep Dharia scored 51 runs
Deepan Mody scored 39 runs
Rahil Kadakia 9/0/36/7W

Shiten Kadakia team scored 198 runs
Shiten Kadakia scored 126 not out*
Kinjal Parikh 9/0/36/5W

Match won by Shiten Kadakia Team

**3rd Match : on 19-11-2006 (A 1)**
**Suketu Parikh v/s (B 3) Nihar Kadakia**
Nihar Kadakia team scored 355 runs in 40 overs
Samir C. Desai scored 109 runs
Nihar Kadakia scored 82 runs retired*
Sharamik kadakia scored 59 runs
Nirav Desai 9/2/35/2W

Suketu Parikh team scored 322 runs
Chirag J. Desai scored 61 runs
Nilesh Kadakia scored 80 runs
Chirag N. Desai scored 57 runs
Sharmik Kadakia 7/0/66/2W
Hitesh Shah 7/0/58/2W

Match won by Nihar Kadakia Team

**4th Match : on 26/11/2006 (A 3)**
**Apurva Dharia v/s (B 2) Kinjal Parikh**
Apurva Dharia team scored 239 runs in 40 overs
Rahul Parikh scored 87 runs
Amit Kadakia scored 35 runs
Sandeep dharia 9/1/47/4W
Kinjal Parikh 8/0/52/4W

Kinjal Parikh team scored 239 runs in 24 overs
Sandeep Dharia scored 126 runs

Match won by Kinjal Parikh Team

- સારી ટેવોને ખીલવતા રહેજો. કુટેવો તો જંગલી ઘાસની જેમ ઉગ્યા જ કરશે.
- સામાને વીજળીનો ચમકારો બતાવી શકીએ પણ આંચકા ન લાગવા દઈએ તેનું નામ ‘કુનેહ’

# બાલાસિનોર વિદ્યામંડળ

## બાલાસિનોર આર્ટ્સ અને કોમર્સ કોલેજનું ગૌરવ

(૧) ગુજરાત યુનિવર્સિટી દક્ષિણ વિભાગ આંતર કોલેજ વોલીબોલ સ્પર્ધામાં ૩૭ ટીમોએ ભાગ લીધો હતો જેમાં આપણી કોલેજની ટીમ ચોથા ક્રમે આવી છે.

(૨) આપણી કોલેજનો વિદ્યાર્થી ભાઈ શ્રી જયદીપ પરમારની 'પલ સૈનિક કેમ્પ' દિલ્હીમાં પસંદગી થઈ છે.

રાષ્ટ્રીય કક્ષાએ દિલ્હીમાં યોજાયેલ 'પલ સૈનિક કેમ્પ'માં સમગ્ર ગુજરાત રાજ્યમાંથી આપણી બાલાસિનોર કોલેજના એનસીસી કેડેટ શ્રી જયદીપસિંહ રંગીનસિંહ પરમારની પસંદગીથી આપણી કોલેજનું તથા એનસીસી ઓફિસર કેપ્ટન શ્રી એચ.જે.શુક્લનું ગૌરવ વધ્યું છે એની નોંધ ગુજરાતી દૈનિક 'દિવ્ય ભાસ્કર'એ તેમના છાપામાં ગુરૂવાર તા. ૨૮-૯-૨૦૦૬ તથા શુક્રવાર તા. ૨૭-૧૦-૨૦૦૬ના રોજ લીધી.

(૩) આપણી કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા દત્તક લીધેલા હાડિયા ગામમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો જેમાં સરપંચ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા અને દેશભક્તિ, ગીતસ્પર્ધા, પ્રાર્થના ગીત સ્પર્ધા તથા વર્ષા ગીત સ્પર્ધાની મજા માણી.

(૪) આપણી કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા ઊંટડી, તાલુકા લુણાવાડા મુકામે ગ્રામોત્થાન શિબિરનું આયોજન થયું.

''ગામને સ્વચ્છ બનાવવા વિદ્યાર્થીઓની પ્રેરણા જરૂરી છે'' એવું વિધાન સરપંચે જીવન ઘડતર માટે ઉપયોગી બનશે એવું વિધાન સહયોગ કો.ઓપરેટીવ ક્રેડિટ સોસાયટીના મેનેજિંગ ડીરેક્ટરે કર્યું.

આ ગ્રામોત્થાન શિબિરમાં ગ્રામ સફાઈ, રસ્તાની મરામત, નેત્ર નિદાન કેમ્પ, બાળ તંદુરસ્તી હરિફાઈ, વાનગી હરિફાઈ, વકતૃત્વ નિબંધ સ્પર્ધા જેવા કાર્યક્રમોને આવરી લેવાયા.

(૫) કોલેજ દ્વારા યોજાયેલ ચંદુલાલ અમૃતલાલ ચેરિટેબલ ટ્રસ્ટના ઈનામ વિતરણ તથા સંગીતા કિરણ દોશી ચેરિટેબલ ટ્રસ્ટના વ્યાખ્યાન માળામાં આપણી કોલેજના ભૂતપૂર્વ પ્રાચાર્ય શ્રી વિનોદભાઈ અધવર્યુ સાહેબ આપણા આમંત્રણને માન આપી મુખ્ય વક્તા તરીકે હાજર રહ્યા અને વિદ્યાર્થીઓને જ્ઞાનલક્ષી સંબોધન કરી પ્રભાવિત કર્યાં. આપણી કોલેજની વર્તમાન પ્રવૃત્તિઓ તથા સુશોભિત અદ્યતન માળખું જોઈ ભાવવિભોર થઈ હૃદયપૂર્વકના અભિનંદન આપ્યા.

*- લિ. બાલાસિનોર વિદ્યામંડળ*

## બોરીવલી થી વિરાર સુધી વસતા બાલાસિનોરવાસીઓનું 'સમુહ ભોજન'

**તા. ૭.૧૧.૨૦૦૭ને રવિવારે બપોરે ૧૨.૦૦ કલાકે રાખ્યો છે.**

**સ્થળ :** રંગોલી ગાર્ડન, મ્હાત્રેવાડી, બોરીવલી (વેસ્ટ), જેનો વ્યક્તિ દીઠ ચાર્જ રૂા. ૫૦/- લેખે તા. ૩૧.૧૨.૨૦૦૬ સુધીમાં નીચે જણાવેલ કાર્યકર્તાઓને ત્યાં જરૂરથી પહોંચાડી દેશો. ત્યાર પછી અને જમણવારને દિવસે નામ લખવામાં નહી આવે. હેમેન્દ્ર શાહ, નીલેશ શાહ, રજત મોદી, પ્રબોધ દોશી, કેદાર ગાંધી, ભરત પરીખ.

***નોંધ :*** કાર્યકર્તાઓ દરેકના ઘરે કલેકશન કરવા આવશે નહિ

*- હેમેન્દ્ર શાહ*

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

સહર્ષ જણાવવાનું કે ઉપર્યુક્ત મંડળના ઉપ પ્રમુખ શ્રી રસિકલાલ મણીલાલ લાકડાવાળા તરફથી શ્રીમતી કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ લાકડાવાળા પબ્લિક ચેરિબટેબલ ટ્રસ્ટના નામે રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પૂરા) ન્યાસ ફંડ પેટે મળેલ છે.

આ ટ્રસ્ટ તરફથી આ પહેલા મળેલ ન્યાસફંડની રકમ ઉમેરતા કુલ ન્યાસફંડ રૂા. ૧,૭૧,૫૭૧/- થવા જાય છે.

મંડળની કાર્યવાહક સમિતિના સર્વે સભ્યો તેમ જ ટ્રસ્ટી ગણ ઉપર્યુક્ત દાન બદલ દાતાશ્રીનો હાર્દિક આભાર માને છે.

- *અસિત રમેશચંદ્ર દેસાઈ*
*કીરીટ રમણલાલ કડકીઆ*

**નોંધ :** મંડળ આયોજિત દાતાઓના સન્માન સમારંભ પ્રસંગે આ દાન-વચનની રજૂઆત મંડળના પ્રમુખ શ્રી મધુસૂદન ભીખાલાલ કડકીઆ (ફાડિયા) દ્વારા કરવામાં આવી હતી.

* * * * * *

## મંડળની કાર્યવાહક સમિતિની પ્રથમ બેઠક

ઉપર્યુક્ત મંડળની કાર્યવાહક સમિતિની પ્રથમ બેઠક તા. ૨૫-૯-૨૦૦૬ના રોજ સાંજના ૭.૩૦ કલાકે મંડળની વાર્ષિક સામાન્ય સભા બાદ શ્રી મધુસૂદન ભીખાલાલ કડકીઆના પ્રમુખસ્થાને મળી હતી.

વર્ષ ૨૦૦૬-૨૦૦૭ માટે નીચે મુજબ હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી હતી.

શ્રી મધુસૂદન ભીખાલાલ કડકીઆ (ફાડિયા) - પ્રમુખ,
શ્રી સતીષ ભીખાલાલ પરીખ (રોકડીઆ) - ઉપપ્રમુખ,
શ્રી રસિકલાલ મણીલાલ લાકડાવાળા - ઉપ પ્રમુખ,
શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ - માનદ્ મંત્રી
શ્રી કિરીટ રમણલાલ કડકીઆ (મલમ) - માનદ્ મંત્રી,
શ્રી નિકેશ જયેન્દ્ર ગાંધી - ખજાનચી,
શ્રી ચંદ્રેશ પ્રવીણચંદ્ર કડકીઆ (ખીસાદાર) - ખજાનચી.

ત્યાર બાદ શૈક્ષણિક સહાય અંગે જરૂરી ચર્ચા-વિચારણા કરતાં ચાલુ વર્ષની વધુ અભ્યાસાર્થે વિદેશ જનાર વિદ્યાર્થી મિત્રોને રૂા. ૫૦,૦૦૦/- સુધીની શૈક્ષણિક સહાય આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

અંતમાં પ્રમુખ શ્રીનો આભાર માનતા મીટિંગ સમાપ્ત કરવામાં આવી હતી.

* * * * * *

## સખાવતી દાતાઓનો સન્માન સમારંભ

રવિવાર તા. ૫-૧૧-૨૦૦૬ના રોજ સવારના ૯.૦૦ કલાકે શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના સહયોગથી બિરલા માતુશ્રી સભાગાર ખાતે જ્ઞાતિના સખાવતી દાતાઓના સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રમુખ સ્થાને ઉપર્યુક્ત મંડળના પ્રમુખ શ્રી મધુસૂદન ભીખાલાલ કડકીઆ (ફાડિયા) તેમ જ શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના પ્રમુખ શ્રી વ્રજેશ નવનીતલાલ દેસાઈ બિરાજમાન હતા.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે શ્રી રસિકલાલ મણીલાલ લાકડાવાળા (ઉપપ્રમુખ શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોત્તેજક મંડળ) ઉપસ્થિત રહ્યા હતા.

સમારંભની શરૂઆત સુપ્રસિદ્ધ કલાકાર - સંગીતકાર શ્રી આરિફ શેખની ઓરકેસ્ટ્રાથી કરવામાં આવી હતી. એકાદ કલાક ગીત-સંગીતનો કાર્યક્રમ

માણ્યા બાદ સન્માનીય દાતાઓના સન્માનની વિધિ ચાલુ કરવામાં આવી હતી. શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના દાતાઓની સન્માન વિધિ પૂરી થયા બાદ ઉપર્યુક્ત મંડળના દાતાઓના સન્માનની વિધિ કરવામાં આવી હતી. કુલ્લે ૨૧ દાતાઓના સંક્ષિપ્ત પરિચયની વિધિ શ્રી નિખિલભાઈ પરીખ, શ્રીમતી નિશા દેસાઈ તેમ જ શ્રીમતી બીજલ ગાંધી દ્વારા કરવામાં આવી હતી.

પ્રત્યેક દાતાઓનું ચાંદીના સ્મૃતિચિહ્‌ન દ્વારા મંડળના પ્રમુખ શ્રી મધુસૂદન ભીખાલાલ કડકીઆ (ફાડિયા)ના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું અને મંડળના અન્ય હોદ્દેદારો દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

મંડળના માનદ્‌ મંત્રી શ્રી અસીત દેસાઈ તેમ જ પ્રમુખ શ્રી મધુસૂદન ભીખાલાલ કડકીઆ દ્વારા મંડળની પ્રવૃત્તિનો સંક્ષિપ્તમાં આછો ચીતાર આપવામાં આવ્યો હતો.

ત્યાર બાદ અતિથિ વિશેષ શ્રી રસિકલાલ મણીલાલ લાકડાવાળાએ તેમના પ્રવચન દરમિયાન જણાવ્યું કે ‘દશાનીમા જ્ઞાતિના આપણા પ્રતિષ્ઠિત ભાઈઓ જાત મહેનતે અને કુશાગ્ર બુદ્ધિથી ઉપાર્જન કરેલ ધનસંપત્તિનો સમાજના જરૂરિયાત મંદ વર્ગ માટે સહાય કરવા હરહંમેશ તૈયાર રહે છે. જ્ઞાતિજનોને સહાય કરવી એ તેમની હોંશ છે. એક જાતનો આગવો શોખ છે અને તે માટે હૃદયમાં લાગણીની ભાવના હરહંમેશ વહેતી રહે છે. સમાજની સંસ્થાને દાન આપવાની મનોવૃત્તિ દાનની આ સરિતા અસ્ખલિત રીતે વહેતી રાખે છે.

આ પ્રવૃત્તિને અનરૂપ નિ:સ્વાર્થ સેવા આપનાર કાર્યકર્તાઓથી સમાજ તેની આગવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી ચૂક્યું છે તે આપણા સમાજનું એક જમાપાસું છે.

સમાજ પ્રત્યેની દાતા તરીકેની ફરજ દાતા નિભાવે તો સમાજ યોગ્ય રીતે તેનું સન્માન કરી દાતાના ગુણનો સ્વીકાર કરે છે અને દાન આપનાર દાતા આવા શુભ પ્રસંગે પ્રત્યક્ષ રીતે ઉપસ્થિત રહી મંચ પર આવી સન્માનનો સ્વીકાર કરે એવી આગ્રહભરી તેમની વિનંતી હતી. સંસ્થા તરફથી અપાતો મોમેન્ટો (સ્મૃતિ ચિહ્‌ન) સ્થાયી રૂપે ઘરની શોભાનો એક ભાગ છે એટલું જ નહીં પરંતુ આવનાર પેઢી માટે પ્રેરણાનો એક સ્રોત બને છે.

અંતમાં બન્ને સંસ્થાઓના કાર્યકર્તાઓનો આભાર માની તેમના પ્રવચનની પૂર્ણાહુતિ કરી હતી.

ત્યાર બાદ સંગીતના કાર્યક્રમની ટૂંક સમય માટે મોજ માણી આ સમારંભની સમાપ્તિ કરવામાં આવી હતી.

મંડળના કાર્યવાહક સમિતિનો સભ્યો ઉપર્યુક્ત સમારંભની સફળતા માટે યોગ્ય સહકાર આપવા બદલ શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના કાર્યકર્તાઓ અન્ય સંસ્થાઓના કાર્યકર્તાઓ તેમ જ જ્ઞાતિજનો કે જેમણે પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે આ સમારંભમાં આપેલ સેવા અને સાથ સહકાર બદલ અંત:કરણથી આભાર છે.

***– અસિત રમેશચંદ્ર દેસાઈ***
***કીરીટ કડકીઆ (મલમ)***

**નોંધ :** શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના સહયોગથી આ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અન્યત્ર છપાયેલ લેખમાં જરૂરી રૂપરેખા દ્વારા દર્શાવવામાં આવેલ હોવાથી અત્રે સામેલ કરવામાં આવી નથી.

અંધેરી ગ્રુપના હાલ વસતા તથા નવા રહેવા આવેલા સભ્યો માટે પીકનીક/ સમુહ ભોજન નો કાર્યક્રમ તા. ૪.૨.૨૦૦૭ના રવિવારે સવારે ૮ થી રાત્રે ૮ સાયના રિસોર્ટ મલાડ સ્થળે રાખવામાં આવ્યો છે તેની વિગતવાર માહીતી દરેક સભ્યોને કુરીયર મારફતે જણાવીશું.

***લિ. કલ્પેશ ધારીયા, પકંજ ધારીયા, પરેશ પરીખ***

# કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ

## ઓપરેશન મિતી યોજના

ઓપરેશન મિતી યોજના હેઠળ નીચે મુજબના દાતાઓ નોંધાયા છે. સંસ્થા દાતાઓની આભારી છે. આ સાથે કુલ મિતી ૨૪૯ થઈ છે. દાતાઓને વધુમાં વધુ મિતી નોંધાવી ગરીબ દરદીઓના આશીર્વાદ લેવા વિનંતી છે.

**નવા દાતાઓ**

શ્રી જગદીશ મણીલાલ શાહ (કડુજી)
શ્રીમતી કલ્પના જગદીશ શાહ (કડુજી)
શ્રી અતિત જગદીશ શાહ (કડુજી)
શ્રી દર્શિત જગદીશ શાહ (કડુજી)
શ્રીમતી કાજલ દર્શિત શાહ (કડુજી)
શ્રીમતી શાંતાબેન મણીલાલ શાહ (કડુજી)
શ્રીમતી દીનાબેન રાકેશ શાહ
શ્રી જશવંતભાઈ દામોદરદાસ શાહ
સ્વ. પ્રવીણચંદ્ર રતીલાલ પરીખ (ચાવાળા) હ. મીરાબેન
શ્રી મણીલાલ ચંદુલાલ પરીખ (લાકડાવાળા) **૨ મિતી**
શ્રીમતી આશાબેન વિરેન્દ્રકુમાર ગાંધી (સુરતી)
શ્રી હિરાલાલ રાધેકૃષ્ણ ત્રિવેદી
અ.સૌ. ગિરજાબેન હરિલાલ ત્રિવેદી હ. ગિરિહર ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ
શ્રી જીતેન્દ્ર રમણલાલ ભટ્ટના સ્મરણાર્થે

❄❄❄❄❄

**સ્ત્રીરોગ નિદાન તથા ઓપરેશન કેમ્પ :** બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં સ્ત્રીઓને લગતા તમામ પ્રકારના રોગનું નિદાન તેમ જ ઓપરેશન જેવા કે ગર્ભાશયની કોથળી કાઢવાનું, નીચેથી કોથળી કાઢવાનું ઓપરેશન તેમ જ કુટુંબ કલ્યાણના ઓપરેશનો અંગેનો કેમ્પ તારીખ ૨૯-૭-૨૦૦૬ના રોજ રાખવામાં આવેલ.

આ કેમ્પમાં કુલ ૩૧ દરદીઓને ઓપરેશનની તારીખો આપવામાં આવેલ. તે પૈકી ૧૫ દરદીઓના ઓપરેશનો વિનામૂલ્યો કરવામાં આવેલ. આ કેમ્પમાં એનેસ્થેશીયાચાર્જ, ઓપરેશન ચાર્જ તેમ જ ઈનડોરબીલ સહિત કુલ રૂા. ૬૫૦૦/- (છ હજાર પાંચસો) પુરાની માફી કરવામાં આવેલ.

**શ્રી પુમનચંદ છોટાલાલ દેસાઈ (વકીલ) નેત્રયજ્ઞ વિભાગ :** હોસ્પિટલમાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે સહયોગી દાતા ભારતીબેન રસિકલાલ મોદી (ઠાસરાવાળા) હસ્તે દીપ્તી અને તુષાર મોદીના સહયોગથી તેમ જ અમદાવાદના નિષ્ણાત અનુભવી આઈ સર્જન ડો. અરૂણભાઈ ભટ્ટના સહકારથી મફત આંખના ઓપરેશનો અંગેના કેમ્પનું આયોજન તા. ૧૮-૧૦-૨૦૦૬ થી દર બુધવારે ૧૦-૧૦ ઓપરેશનો (નેત્રમણિ મુકીને) કરવાનું શરૂ કરવામાં આવેલ છે. નેત્ર ઓપરેશનવાળા દરદી તથા તેના એક સગાને જમવાની સગવડ તેમ જ ચોરસાનું તથા કાળા ચશ્મા (ગોગલ્સ)નું ફ્રી વિતરણ કરવામાં આવે છે.

હોસ્પિટલમાં લેટેસ્ટ બ્લડ એનેલાઈઝર ફુલ્લી કોમ્પ્યુટરાઈઝડ આવી ગયું છે. અને ૩-૧૧-૨૦૦૬ના રોજ ધારાસભ્ય શ્રી રાજેશભાઈ પાઠકના હસ્તે ખુલ્લું મુકેલ છે.

## અપીલ

હોસ્પિટલમાં ''Blood Storage Centre'' સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ અંગે નામકરણ માટે રૂા. પાંચ લાખ અથવા વધુનું દાન આપનાર દાતાનું નામ જોડવામાં આવશે. વધુ માહિતી માટે સંપર્ક સાધવા વિનંતી.

– ***ધીરૂભાઈ શેઠ, રાજેન્દ્ર દેસાઈ***

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

૧ ) **નિમેષ નલીનભાઈ શાહ**
**અમી નિમેષ શાહ**
બી- ૪૦૫, દીવ્ય જ્યોતિ કો.હા. સો.લી.
શાસ્ત્રીનગર, બિલ્ડીંગ નં. - ૨૫,
ગોરેગાવ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૪
ફોન : નિમેષ : ૯૨૨૧૨૬૦૫૮૯
અમી : ૯૨૨૪૧૪૭૩૬૫

૨ ) **યતીન રજનીકાંત તલાટી**
૩૦૭, મહાવીર ધામ કોમ્પલેક્ષ
ઘંટાકર્ણ જૈન મંદિરની સામે, મજાલપુર
બરોડા - ૩૯૦૦૧૧

## નવા ફોન નંબર

૧ ) **ચંદ્રીકાબેન શીરીશભાઈ કડકીઆ (મલમ)**
ઘર : ૨૩૫૩૧૯૧૮
**રીપલ શીરીશભાઈ કડકીઆ (મલમ)**
ઘર : ૪૦૧૧૨૦૪૭

૨ ) **અજય કાંતીલાલ ધારીઆ (બલબલ)**
ઘર : ૨૩૫૩૩૬૦૦, ૪૦૧૧૨૦૨૯

૩) **પ્રવિણચંદ્ર (બાબુભાઈ) ચીમનલાલ શાહ**
(હાથીખાનાવાળા)
ઘર : ૨૩૬૨૧૧૫, ઓ : ૨૨૦૬૭૮૨૮

૪) મહેશચંદ્ર આર. દેસાઈ
કલકત્તા - ૬૪૫૧૬૪૪૦

૫) શૈલેષ કીર્તનલાલ દેસાઈ
મીલીન્દ શૈલેષ દેસાઈ - અંકુર શૈલેષ દેસાઈ
ઘર : ૩૨૯૦૮૧૫૧
રેખા દેસાઈ - ૯૮૩૩૯૨૫૩૨૧

## અભિનંદન

- **શ્રી જીતેન્દ્ર પ્રવિણચંદ્ર પારેખ** ચોપાટીના મફતલાલ બાથની કમીટીમાં ૧૪૨૦ મતથી બીજા નંબરે વિજયી થયા છે. સંસ્થા વતી તેઓને ખુબ ખુબ અભિનંદન.

બોરીવલીથી વિરાર સુધી વસતા બાલાસિનોર વાસીઓનો સમુહ ભોજન તા. ૭.૧૧.૨૦૦૭ને રવિવારે બપોરે ૧૨.૦૦ કલાકે રંગોલી ગાર્ડન, મ્હાત્રેવાડી બોરીવલીમાં રાખ્યો છે. તો આપ સૌને આમંત્રણ છે જેનો ફાળો વ્યક્તિ દીઠ રૂા. ૫૦/- તા. ૩૧.૧૨.૨૦૦૬ પહેલા કાર્યકર્તાઓને પહોંચાડવા વિનંતી.

*લિ. હેમેન્દ્ર શાહ*

- જીવ ક્યાંક જાય તો કાંઈક લીનેઆવે. શિવ ક્યાંક જાય તો બધુજ આપીને આવે.
- આનંદ માટે કોઈ ભવિષ્યકાળ નથી, વર્તમાનમાં જ આનંદ છે.

**બાલાસિનોર વાસીઓની સગવડ માટે વધુ એક પ્રયાસ જયોતિપુંજના પ્રકીંણ વિભાગ માટે**
**E-mail Address - vadsol@balasinor.org**